શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

RNI NO. 6304 / 62

## કેન્સર વિશેષાંક




એપ્રિલ અંક - ૪
વર્ષ : ૫૩ સળંગઅંક : ૪૩૦
માસિક કિંમત - ૧૦/- વાર્ષિક લવાજમ - ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# અગત્યની ટીપ્સ

- કેન્સરની સારવાર દરમિયાન કિમોથેરાપીને કારણે મોઢું કડવું થઇ જાય અથવા મોઢામાં મેટાલિક (ધાતુ જેવો) ટેસ્ટ થઇ જવાની શકયતા રહે છે. આવી પરિસ્થિતિમાં પ્લાસ્ટિકના વાસણો વાપરવાથી સ્વાદ સુધરી જાય છે.
- સર્જીકલ ઑન્કોલોજીસ્ટ (કેન્સરની સર્જરીના નિષ્ણાંત) અને મેડિકલ ઑન્કોલોજીસ્ટ(કિમો થેરાપીના નિષ્ણાંત) એક સિકકાની બે બાજુ જેવો છે. સર્જન પાસેસર્જરી કરાવી શકાય અને ઑન્કોલોજીસ્ટ કિમોથેરાપીની સારવાર કરી શકે.
- કિમોથેરાપીને કારણે થાક લાગે છે તેમ જ અશકિતનો અનુભવ થાય છે. દિવસ દરમિયાન બે થી ત્રણ કિલોમીટર ચાલવું અથવા ૩૦ થી ૪૫ મિનિટની હળવી કસરત કરવાથી થાક અને અશકિત જેવી આડઅસરો ઘટી જાય છે.
- કેન્સરની સારવાર દરમિયાન ઘણાં દર્દીઓ નોકરી-ધંધાના કામકાજ કરી શકે છે. જે વ્યકિતઓ કેન્સરની સારવાર દરમિયાન કામ ચાલુ રાખે છે તેમને ડિપ્રેશનની અસર આવવાની શકયતા ઘટી જાય છે.
- દિવસ દરમિયાન ત્રણ વખત મોટી માત્રામાં ભોજન કરવા કરતાં દર બે થી ત્રણ કલાકે થોડી થોડી માત્રામાં ખોરાક લેવામાં આવે તો કેન્સરની સારવારને કારણે ઉલ્ટી તેમજ ઉબકાના પ્રમાણમાં ઘટાડો થાય છે.
- કેન્સરની સારવારના કારણે હાડકાં નબળાં પડી શકે છે, તેથી સારવાર પૂર્ણ થયા બાદ નિયમિત રીતે હાડકાંની મજબુતાઇની તપાસ કરાવવી જોઇએ.
- માંસાહાર (ખાસ કરીને ચો પગાં પ્રણીઓ) કરવાથી ઘણાં પ્રકારના કેન્સર થવાની સંભાવના વધી જાય છે.
- અનેક પ્રકારના કેન્સરમાં શરીરમાં વિટામીન ડીની ઉણપ જોવા મળેછે. સવારના પહોરમાં સૂર્યનો કુમળો તડકો ૨૦ થી ૩૦ મિનિટ લેવાથી શરીરને પુરતા પ્રમાણમાં વિટામીન ડી મળી રહે છે.
- કેન્સરની સારવાર દરમિયાન ટીનમાં પેકકરેલું તેમજ પ્રિજર્વેટીવવાળું ભોજન ટાળો. તાજુ બનેલું ભોજન લેવાથી સારવાર દરમિયાન કબજિયાત થવાની શકયતા ઓછી રહે છે.
- ઘરમાં બનાવેલું અથવા પૌષ્ટિક દહીં દિવસમાં બે થી ત્રણ વખત લેવાથી કિમોથેરાપીને કારણે થતી આંતરડાની બળતરા શાંત પડે છે.
- દાઢી-હજામત કરાવતી વખતે સાધનો સ્વચ્છહોય તેમજ બ્લેડ નવી હોય તેવો આગ્રહ રાખો. હિપેટાઇટીસ બી, સી જેવા લોહીના ચેપી રોગ છે જે લાંબે ગાળે કેન્સરની સંભાવના વધારે છે.
- વહેલી સવાર માં સૂર્યનો કુમળો તડકો વિટામીન 'ડી' ની પૂર્તિ કરેછે.
- કેન્સર ચેપી રોગ નથી. કેન્સરના દર્દી સાથે રહેવાથી અડકવાથી, ભોજન કરવા જેવી દૈનિક ક્રિયાઓથી આ રોગ ફેલાતો નથી.
- લવિંગ, મીન્ટ કે ચ્યુંગમ વાપરવાથી પણ કડવા થઇ ગયેલા મોઢાનો સ્વાદ સુધરી શકે છે.
- ૭૫ મી.ગ્રા.ની એસ્પિરીનનું નિયમિત સેવન કરવાથી કેન્સર થવાની શકયતામાં ઘટાડો થઇ શકે છે..
- કેન્સલ એટલે કેન્સલની માન્યતા ખોટી છે. ઘણાં બધા દર્દી યોગ્ય સારવારથી સંપૂર્ણ સારા થઇ શકે છે. કેન્સર કે આગે ભી હૈ જિંદગી...

'કેન્સર' આગે ભી હૈ જિંદગી પુસ્તકમાંથી સાભાર સહ...ડૉ. મનન મહેતા

HOPE HUMMINTY HONESTY HEALTH

Always with you

# શ્રી હિમાલયા

કેન્સર હોસ્પિટલ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ

**ડૉ. રાજેશ પટેલ (કોરાંટ)**
એમ.ડી., ડી.એન.બી.,
પી.જી.ડી.એચ.એચ.એમ. (ન્યુ દિલ્હી)
**કેન્સર નિષ્ણાંત**



- **બધા જ પ્રકારના કેન્સરની સારવાર (રેડિયોથેરાપી, કિમોથેરાપી અને સર્જરી) મફત કરી આપવામાં આવશે. (માં કાર્ડ/માં વાત્સલ્ય કાર્ડ/RSBY તથા U-WIN શ્રમીક કાર્ડ દ્વારા)**
- **સરકારી તથા અર્ધ સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે સરકાર માન્ય હોસ્પિટલ.**

**1st વડોદરાના ઘરઆંગણે**

અદ્યતન ટેક્નોલોજીની સજ્જ લીનીઅર એક્સેલરેટર મશીન (VARIAN-અમેરીકા) સોફ્ટવેર તથા પ્રણાલીઓ (PTW-જર્મની) અયાત કરીને વડોદરા તથા મધ્ય ગુજરાતના દર્દીઓને

**કેન્સર માટે રેડિયોથેરાપીની સારવાર**

**૫૦ બેડની સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં**




આ અદ્યતન સારવાર ઉભી કરવાનો અમારો હેતુ વ્યવસાયિક નહીં પરંતુ ઘર આંગણે ઉત્તમ રીતે કેન્સરની સારવાર (ઓપરેશન, કિમોથેરાપી, રેડિયાથેરાપી વિગેરે) મળી રહે તે છે. જે ગુજરાતના અન્ય કેટલાક કેન્દ્રો કરતા અહી સારવાર ખર્ચ લગભગ અડધો છે.

**બધા જ પ્રકારના કેન્સરની નિદાન અને સારવાર માટે, એક જ જગ્યાએ ઉપલબ્ધ શ્રેષ્ઠ અને સંપૂર્ણ સુવિધાઓ**

- **૫૦ બેડ**ની સુપર સ્પેશીયાલિટી હોસ્પિટલમાં કોમ્પ્રેહેન્સીવ કેન્સર કેર જેવી કે **રેડિયોથેરાપી**(શેક), **કિમોથેરાપી**(ડોઝ) અને તમામ પ્રકારની **સર્જરી**(ઓપરેશન)ની સગવડ.



- **૧૦ બેડ** ICU (*વેન્ટીલેટર*, ડીફિબ્રીલેટર, ECG, 2D, ECHO ની સગવડ સાથે.)



- મેજર અને માઈનોર ઓપરેશન થિયેટર તથા **એન્ડોસ્કોપી**ની સગવડ.
- **સીટી સ્કેન**, એક્સ-રે, સોનોગ્રાફી, મેમોગ્રાફી, બાયોપ્સી વગેરે દ્વારા તપાસ તથા નિદાન.



૨૪×૭ (ફાર્મસી, એમ્બ્યુલન્સ અને લેબોરેટરીની સુવિધા)



**વડોદરામાં સૌપ્રથમ વખત વિશ્વસ્તરીય અદ્યતન ટેકનોલોજીથી સજ્જ લીનીયર એક્સેલરેટર દ્વારા રેડીયોથેરાપીની સારવાર.**

**૪,વિનોદ બાગ, રેલ્વે સ્ટેશનની પાછળ, જેતલપુર બ્રીજ, અલકાપુરી, વડોદરા-૩૯૦ ૦૦૭**
**મો. : ૯૪૨૭૪૫૩૩૫૩, ૭૦૪૩૨૨૦૯૦૫, ૭૦૪૩૨૨૦૯૦૬,**
e-mail: himalayacancerhospital@gmail.com W: www.himalayacancerhospital.com

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
## સ્વ. અ.સૌ. ભગવતીબેન અને સ્વ. શ્રી મણીલાલ ભુલાભાઈ પંચોલી
## ના સ્મરણાર્થે
## સમાજના શ્રેષ્ઠ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીને પ્રોત્સાહક ઈનામ વ્યાજ વપરાશ ફંડ



**સ્વ.અ.સૌ. ભગવતીબેન મણીલાલ પંચોલી**
જ.તા. ૧.૧.૧૯૩૪ સ્વર્ગવાસ ૨૯.૧૧.૧૧



**સ્વ. શ્રી મણીલાલ ભૂલાભાઈ પંચોલી**
જ.તા. ૧.૧.૧૯૨૭ સ્વર્ગવાસ : ૯.૬.૨૦૧૨

સમાજના વિદ્યાર્થીઓ વધુને વધુ પ્રગતિ કરે અને સમાજનું નામ રોશન કરે એવા હેતુથી સમાજના શ્રેષ્ઠ એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીનીને દર વર્ષે પ્રોત્સાહક રોકડ ઈનામ આપવા માટે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને રૂા. ૧,૧૧,૧૧૧/- (એક લાખ અગીયાર હજાર એકસો અગીયાર)નું દાન ભંડોળ વ્યાજ વપરાશ ફંડ તરીકે મુંબઈના શ્રી કિરણભાઈ મણીલાલ પંચોલી પરિવાર તરફથી મળ્યું છે. સમાજના શ્રેષ્ઠ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીની જાહેરાત કરવા એપ્રિલ-૨૦૧૫થી માર્ચ ૨૦૧૬ના સમય દરમ્યાન જાહેર થયેલ પરિણામ પત્રની ખરી નકલ તા. ૩૧.૧૨.૨૦૧૬ સુધીમાં સી.ટી.સ્મારક નિધિના પ્રમુખશ્રી/મંત્રીશ્રીને મોકલવી.

મહામંડળના પ્રમુખશ્રી, સી.ટી.સ્મારક નિધિના પ્રમુખશ્રી-મંત્રીશ્રી તથા દાતાના પ્રતિનિધિની બનેલ સમિતિ ઈનામ આપવા અંગે નિર્ણય લેશે. જે નિર્ણય આખરી રહેશે. જે ઈનામના નામોની જાહેરાત ફેબ્રુઆરી ૨૦૧૭ના નવયુગના અંકમાં કરવામાં આવશે. માર્ચ ૨૦૧૭માં વિજેતા શ્રેષ્ઠ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીને ઈનામની રકમ મોકલવામાં આવશે.

આ ઈનામ યોજનાની શુભ શરૂઆત શ્રી કિરણ મણીલાલ પંચોલી પરિવાર 'એડવોકેટ હેતલ કિરણ પંચોલી અને 'ઈજનેર અક્ષરકુમાર જયેશભાઈ ગાંધી' ના નામોથી એપ્રિલ ૨૦૧૪ થી માર્ચ ૨૦૧૫ના સમય માટે કરે છે. આ સાથે એમણે બન્નેને રૂા. ૪,૦૦૦/- વ્યકિતગત રોકડ ઈનામની જાહેરાત તેમજ નવયુગને રૂા. ૧,૫૦૦/- જાહેરાત પેટે આ વર્ષ માટે અલગથી આપવા વધારાના મોકલ્યા છે..

### શુભેચ્છક

શ્રી કિરણ મણીલાલ પંચોલી — અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
શ્રી કૌશલરાજ કિરણ પંચોલી — અ.સૌ. રીમા કૌશલરાજ પંચોલી
શ્રી અક્ષર જયેશભાઈ ગાંધી — કુમારી હેતલ કિરણ પંચોલી
ચિ. ધ્યાના કૌશલરાજ પંચોલી

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ, બ્રહ્માકુમારી સેન્ટર સામે, પ્લોટ ૬-ડી,
દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**પંચોલી નવયુગ**

**એપ્રિલ – ૨૦૧૯**

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેધા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા :**

માસિક : પંચોલી નવયુગ

પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૩૦૦૦/- |
| કલર પેજ ફકત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૮૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| અડધુ પેજ | ₹ ૭૫૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૮૦૦/- |
| પા પેજ | ₹ ૪૦૦/- |

(પા પેજ, અડધા પેજ અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

નવયુગ શુભેચ્છક ₹ ૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

નવયુગ શુભચિંતક ₹ ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક કિંમત – ૧૦/–**

**વાર્ષિક લવાજમ – ૧૦૦/–**

# તંત્રીનોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો...

કુશળ હશો.....

છેલ્લા બે ત્રણ વર્ષથી કેન્સરનું પ્રમાણ વધુ પ્રમાણમાં દેખાય રહ્યું છે, આપણી જ્ઞાતિ પણ એમાંથી બાકાત નથી. દર વર્ષે ૩-૪ કેન્સરના કેસો થાયા એવી માહિતિ મળી છે. તબીબી સેવા સંકુલમાં આવતી અરજીમાં પણ ૩-૪ અરજીઓ કેન્સરની સારવાર માટે હોય છે. અને ખર્ચો પણ લાખોમાં થાય છે. કેન્સર અંગે આપણાં સમાજમાં જાગૃતિ આવે તે માટે જ્ઞાતિજનોને કેન્સર અંગે પ્રાથમિક જાણકારી મળે તે અંગે પ્રાથમિક જાણકારી મળે તે માટે કેન્સર વિશેષાંક પ્રકાશિત કર્યો છે. દરેક અવયવના કેન્સર અંગે આખી બુક ભરાય એટલું સાહિત્ય છે પણ નવયુગની પાનાની મર્યાદાને અનુરૂપ ડો. મહેશભાઇના માર્ગદર્શન મુજબ 'સંવેદના ને સથવારે' પુસ્તકમાંથી સંકલન કરીને ગાગરમાં સાગર સમાવવાના પ્રયત્નો કર્યા છે.

કેન્સર ? આ એક શબ્દ માત્ર ઘણાને માટે મૃત્યુની સન્મુખતાનો અનુભવ બની જાય છે. વ્યાકુળ મન પૂછે છે ' શું કેન્સર એટલે જીવન પર પૂર્ણવિરામ ?' ના, અલ્પવિરામ.... આ આશાવાદ જરૂરી છે. કારણ કે મેડિકલ જ્ઞાન ઉપચારની કૌશલતા વધી છે.. કેન્સર એટલે કેન્સલ નથી જ ... ! મેડિકલ સાયન્સની હરણફાળને કારણે 'કેન્સર'ની સમયસરની અને યોગ્ય સારવારથી નવજીવન મેળવી પૂર્વવત્ જીવન ત્રવવું શકય બને છે. આ માટે જરૂર છે યોગ્ય ડોકટર દ્વારા યોગ્ય સમયે યોગ્ય સારવારની, હકારાત્મક અભિગમ તથા દૃઢ મનોબળની...

કેન્સર ના ઓપરેશનથી થતી બેડોળતા, ખાવાની તકલીફ વિગેરે જોઈએ ત્યારે કેન્સરની ભયાનકતાનો ખ્યાલ આવે છે.. માટે જ્ઞાતિજનો કેન્સરનો ભરડો આપણા પર ફેલાય એ પહેલા આપણે ચેતી જઈએ... વ્યસનનો ત્યાગ, બીડી-સીગરેટનો ત્યાગ, શરાબનું સેવન બંધ... માવા-ગુટખા પણ બંધ... 'કેન્સર' આગે ભી હૈ જિંદગી.....

આ લેખ ખાશ વાંચશો અને આજુબાજુના પાઢડોશીને વંચાવશો અને કેન્સરની જાગૃતિ અંગે પ્રયત્નશીલ રહેશો.. ફરી એકવાર જરાપણ આપને કેન્સરના ચિહ્ન માલુમ પડે તો તાત્કાલિક ડોકટરનો સંપર્ક કરી કેન્સર તો નથી ને એની ચકાસણી કરી લેશો. મોટે ભાગે કેન્સર નહીં હોવાની શકયતા વધુ હોય છે. તો *Be Careful..* આ અંક અંગે આપના અભિપ્રાય જરૂરથી જણાવશો...

મે મહિનો જીવન પસંદગી વિશેષાંક પ્રકાશિત કરનાર

છીએ.. આપના ઉંમરલાયક દીકરા-દીકરીઓના બાયોડેટા પંચોલી નવયુગ ફોટા સાથે ફ્રીમાં છાપશે... તો જલ્દી કરી અને નવયુગમાં આપેલ ફોર્મ ભરીને તુરત મોકલી આપો... શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ તથા પંચોલી નવયુગ આપના માટે આટલી જહેમત ઉઠાવે છે છતા નિષ્ક્રિયતા કેમ ? એકમના પ્રમુખશ્રી અને મંત્રીશ્રીને વિનંતી કે આપના એકમમાં પરણવા લાયક દીકરા-દીકરીઓ હોય તો ફોર્મ ભરાવીને પ્રોત્સાહિત કરીને મોકલશો તો જીવનસાથી પસંદ કરવાનું સુગમ બને...

એપ્રિલ માસ શાળાકિય પરીક્ષાનો મહિનો ધો. ૧ થી ૯ અને ૧૧ની પરીક્ષાઓ થશે... વેપારી વર્ષે હિસાબ કરે અને ખબર પડે કે વેપારમાં ખોટ ગઇ છે કે નફો...? એવી જ રીતે મે મહિનામાં રીઝલ્ટો હાથમાં આવતા ખબર પડશે કે ભણવામા આપણે કેટલો નફો કર્યો છે...? અસ્તુ

## પ્રમુખ નોંધ......

મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ-શ્રી પં.સે.સ. મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો...

કુશળ હશો.....

મહાશિવરાત્રી તથા હોળીના ઉત્સવને માણી ગરમીનો આનંદ માણી રહ્યા છીએ.. કેટલાક વિદ્યાર્થી મિત્રો પરીક્ષા પૂર્ણ થઇ હશે. તો કેટલાક વિદ્યાર્થી મિત્રોની પરીક્ષા બાકી હશે. પરીક્ષા શાંતિથી આપશો કોઇપણ ગભરાટ ના રાખશો.

મોટા એકમો તથા સી. ટી. સ્મારક નિધિના અધ્યક્ષશ્રી તથા મંત્રીશ્રીને વિનંતિ કે વિદ્યાર્થી મિત્રોના ભાવિ આયોજન માટે શૈક્ષણિક શિબિરનું આયોજન કરો કે જેથી વિદ્યાર્થી મિત્રો પોતાને અનુકુળતા મુજબની તથા આજનાં સમયને અનુરૂપ લાઇનમાં આગળ વધી શકે. આ પ્રશ્નો બાળકો તથા વાલીઓને ઘણોજ સતાવતો રહે છે. મોટા એકમો પણ આવા શિબિરોનું આયોજન કરી આજુબાજુના નાના એકમોનાં વિદ્યાર્થીઓને આમંત્રિત કરશો..

રાજપીપલા મુકામે ક્રિકેટ રમાડવા માટે રાજપીપલા એકમને ઘણી વખત વિનંતિ કરી પરંતુ કોઇ હકારાત્મક જવાબ મળેલ નથી. રાજપીપલાનાં મિત્રોને વિનંતિ કરું છું કે પાલ તથા સુરત, વ્યારા, નવસારી, બિલ્લીમોરા, મુંબઇ જેવા એકમો માટે રાજપીપલા અનુકુળ સેન્ટર પડે છે જેથી આ જગા પર જો ક્રિકેટ રમીએ તો સમાજના દરેક એકમો ભાગ લઇ શકે બધાને અનુકુળતા રહે.. આશા રાખુ છું કે આપ તૈયારી બતાવશો તો જરૂરથી ક્રિકેટનું આયોજન કરી શકીશું..

પાલ વિભાગમાં અધિવેશન રાખવા માટે પણ છેલ્લાં ત્રણ વર્ષથી હું વારંવાર વિનંતિ કરું છું પણ આ કાર્ય માટે પાલ વિભાગના કાર્યકર મિત્રો આગળ આવવા તૈયાર નથી. મિત્રો આપણે આપણાં કુટુંબ પાછળ સમય ફાળવીએ છીએ તો સમાજ માટે આપણે સમય ન ફાળવી શકીએ ? સમાજનું ઋણ ચુકવવા માટે પણ આપણે આગળ આવવું જાઇએ. સ્વર્ણિમ ફંડમાં પણ આ વિભાગમાંથી પુરતો સહકાર પ્રાપ્ત થયો નથી. આપણી આવકમાંથી વર્ષે રૂા. ૧,૦૦૦/- એટલે કે એક દિવસના ૨.૭૫ પૈસા સમાજના જરૂરીઆતમંદો માટે આપવાના છે. શું આ શકય નથી. ઘણા મિત્રો સારી જગ્યાએ ઉંચી પોસ્ટ પર નોકરી કરે છે. કેટલા મિત્રોનો સારો ધંધો ચાલે છે મિત્રો આવો આપણે પણ આપણાં જ સમાજના જરૂરીઆતમંદોને મદદરૂપ થઇએ..

આપણે ગુટકા - દારૂ જેવી કુટેવને તિલાંજલી આપીએ. ગુટકા ખાનારાઓને કેન્સર થવાના ચાન્સીસ વધે છે. આજનાં સમયમાં કેન્સર જેવા ભયંકર રોગ માથુ ઉંચકે છે તેની સામે આપણે તૈયાર થવાનું છે. મિત્રો કુટેવોને તિલાંજલી આપીએ અને આપણે આપણાં કુટુંબ તથા સમાજને તંદુરસ્ત સમાજ બનાવીએ. કુટેવો પાછળ ખર્ચ ન કરતાં કુટુંબ તથા સમાજને કદદરૂપ બનીએ. મહિલા મંડળ દ્વારા વ્યસનમુકિત માટે પણ ગત વર્ષમા પ્રોજેકટ દ્વારા સમાજને જાગ્રત કરવાના પ્રયત્નો કર્યા. તો ચાલો આપણે આપણાં સમાજને 'તંદુરસ્ત સમાજ-વ્યસન મુક્ત સમાજ' બનાવીએ..

મહામંડળ દ્વારા સારી સમાજોપયોગી પ્રવૃત્તિઓ થાય છે અને સમાજના દરેક જ્ઞાતિજનો સહભાગી બને અને એ માટે મહામંડળ વારંવાર નવા નવા આઇડીયા મુકવામાં આવે છે.. ગત નવયુગમાં તંત્રીશ્રી દિનેશભાઇ મિસ્ત્રી દ્વારા 'જીવનસાથી પસંદગી વિશેષાંક' તરીકે પ્રગટ કરવાની વાત કરી પરંતુ ઘણાં જ દુઃખ સાથે કહેવું પડે છે કે આ કાર્ય માટે ફકત છ થી સાત એન્ટ્રી ફોર્મ મળ્યા છે.. શું આપણે આપણી ફરજો ભુલી રહ્યાં છીએ.. કાર્યકર્તાઓને પ્રોત્સાહીત કરવા માટેતમો જો સહકાર ન આપશો તો કાર્યકર્તાઓ પોતાનો કિંમતી સમય સમાજના કાર્ય માટે ફાળવતાં હોય છે ત્યારે આપણી સહુની પણ ફરજ બને કે તેઓને પૂરતો સહકાર આપીએ અને સમાજના કાર્યને વેગવંતા બનાવીએ. મિત્રો આપણાં છોકરા-છોકરી માટે જીવનસાથી શોધવાનું કાર્ય ઘણું જ કઠીન છે. નવયુગનું ફોર્મ માહિતી સાથે આપણે આપણી વેબ સાઇટ પર પણ મુકવાના છીએ... તો નવયુગ મળે તુરંત ફોર્મ ભરી ફોટા સાથે મોકલશો...

મહિલા મંડળો તથા સ્વયં ગૃપ પણ આવા કાર્યોમાં આગળ આવે. જે તે એકમોના હોદ્દેદારો પણ આપણાં એકમોમાં અપરણિત યુવક-યુવતીની માહિતી એકત્ર કરીએ તો આ કાર્ય સરળતાથી કરી શકીએ..

મહિલા મંડળ માટે એપ્રિલ - ૧૬ થી માર્ચ-૧૭ નાં વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ માટેની વિગતો નવયુગમાં આપવામાં આવી છે. જેમાંથી બે વિભાગોનાં બે મંડળોને મહામંડળ દ્વારા ઇનામ આપી સન્માનિત કરવામાં આવશે. ચાલો દરેક એકમોના મહિલા મંડળો આ માટે તૈયાર થઇ જાય.

મહામંડળની ૫૦ વર્ષના ઉજવણી પ્રસંગે 'સ્વર્ણિમ ફંડ'ની રચના કરવામાં આવી છે. નવયુવાન મિત્રો વડિલોને વિનંતી કરું છું કે આપણે સમાજને પાંચ વર્ષ માટે રૂા. ૧,૦૦૦/-, ૨,૦૦૦/- અને રૂા. ૫,૦૦૦/-નું દાન જ આપવાનું છે. આ દાનની રકમમાંથી આપણે મેડીકલ, શૈક્ષણિક અને વિધવા સહાયમાં ૨૫ - ૨૫ % રકમ આપીએ છીએ. ૨૫% બાકી પડતી રકમ આપણે મહામંડળના સ્વર્ણિમ ફંડમાં લઇ જઇએ છીએ. જે મિત્રો આ યોજનામાં જોડાવવા માંગે છે તેઓશ્રીએ પોતાના દાનની રકમ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, વ્યારાના નામના સેવિંગ્સ એકાઉન્ટસ 02690100010065 IFC Code BARBO VYARAX માં જમા કરાવી મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જાણ કરશો. હું તમામ જ્ઞાતિજનોને વિનંતી કરું છું કે તમો તમારા આવકની અમૂક રકમ સમાજ સેવા પાછળ ફાળવી શકો જેથી સમાજના જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને આપણે મદદરૂપ થઇશકીએ... અસ્તુ

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# વાયબ્રન્ટ મહિલા મંડળ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ દ્વારા મહિલા મંડળને વાયબ્રન્ટ બનાવવા વિવિધ પ્રોજેકટો દ્વારા સક્રિય પ્રયાસો કરતાં ત્રણ વર્ષ પૂર્ણ કરી ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે.. પરંતુ પ્રથમ બે વર્ષ દરિયામાં ભરતી આવે એમ રહ્યાં અને ત્યારબાદ ફરી ઓટ આવી ગઇ.. આમ કેમ ?

હજી ઘણાં એકમોમાં મહિલા મંડળની સ્થાપ્ના નથી થઇ અને અમુક એકમમાં સ્થાપ્ના થઇ છે પણ મંડળ નિસ્ક્રિય બની ગયા છે... તો દરેક એકમમાં મહિલા મંડળ સક્રિય બને એવા પ્રયત્નો સાથે જોડાયે વાયબ્રન્ટ મહિલા મંડળની સ્પર્ધામાં..

આ વર્ષની વાયબ્રન્ટ સ્પર્ધા એપ્રિલ-૨૦૧૬ થી માર્ચ ૨૦૧૭ સુધીની રહેશે.. જેમાં બે ગ્રુપ પાડવામાં આવ્યા છે...

**'અ'** ગ્રુપ ( ૧૦૦ થી વધુ ઘરો)
**'બ'** ગ્રુપ (૧૦૦ થી ઓછા ઘરો) જેમાં
મહિનાની એક મિટિંગ દીઠ પોઇંટ
મહિલા બચત યોજના ચલાવવી.
સમાજ સુરક્ષા યોજનાના નવા સભ્યો કરવા.
સ્વર્ણિમ ફંડ વધે તેવા પ્રયત્નો કરવા.
મહિલા મંડળની સભ્ય સંખ્યા વધારવી.
મિટિંગની સભય સંખ્યા ધ્યાનમાં લેવાશે..
નવયુગ માટે જાહેરાત એકત્ર કરવી.
મહામંડળની સામાન્ય સભામાં પ્રમુખ-મંત્રીની હાજરી.
અન્ય પ્રવૃત્તિ :-
આનંદ મેળાનું આયોજન
એક દિવસીય પ્રવાસ,
રમતગમતનું આયોજન.
સામાન્ય જ્ઞાન સ્પર્ધા.
વેસ્ટ માંથી બેસ્ટ.
મહિલા મંડળ દ્વારા યુવાનોને પ્રોત્સાહિત કરી સ્વયં ગ્રુપની સ્થાપના કરવી.
જુના ફિલ્મી ગીત કવીઝ સ્પર્ધા
ગજરા ગુંફન
નવરાત્રીમાં ગરબાનું આયોજન અને સ્પર્ધા
શીઘ્ર વકૃત્વ સ્પર્ધા
અભિનય સ્પધા

દરેક મહિલા મંડળને વિનંતી કરવામાં આવે છે કે દર મહિને તમારા પ્રોજેકટનો રીપોર્ટ સુંદર અને સુવાચ્ય અક્ષરે આપેલ ફોર્મમાં ભરી નવયુગના તંત્રીશ્રી તથા મહિલા મંડળ સંગઠન અધ્યક્ષા શ્રીમતિ આનંદીબેનનને મોકલવો.. ફોર્મમાં વિગત ન માય તો સાથે એકસ્ટ્રા કાગળ પીન કરી છુટથી વિગતો લખવી...

મોટા એકમોમાંથી મહિલાઓની ફરિયાદ છે કે ઘરો દુર દુર આવેલા હોય બહેનો માટે જવું શકય નથી. સાચી વાત છે. પણ ઝોન પ્રમાણે ગ્રુપ ૨૦ થી ૩૦ મહિલાનું ગ્રુપ બનાવી મિટિંગ કરી શકાય. અને વર્ષમાં એકવાર સંયુકત મિટિંગ કરી શકાય. દા. વડોદરામાં અકોટા વિસ્તાર, વાઘોડિયારોડ, કારેલીબાગ, માંજલપુર વિગેરેમાં જુદા મહિલા મંડળો બનાવી શકાય.. સુરતમાં પણ વિભાગ પ્રમાણે ૩-૪ મહિલા મંડળની રચના કરી શકાય. પણ દર મહિને બધા ભેગા થઇ હળી મળીને આનંદ સાથે સમાજ માટે કંઇ કરી શકે તો સૌને આનંદ થશે...

શ્રી મનિષભાઇ એમ. પંચોલી-પ્રમુખ
શ્રી પંચોલીસેવા સમાજ મહામંડળ

શ્રીમતિ આનંદીબેન બી. પંચોલી-અધ્યક્ષા
શ્રીમતિ શોભાબેન કે. મિસ્ત્રી-કો-ઓર્ડિનેટર
શ્રી પંચોલી મહિલા સંગઠન

## ૧૩મી સાલગીરીએ હાર્દિક શુભેચ્છાઓ...



**ચિ. શૈલ**

**સાલગીરી : તા. ૩૧.૦૩.૨૦૧૬**

**તુમ જીઓ હજારો સાલ..**
**સાલ કે દિન હો પચાસ હજાર...**
**હે યે આરઝૂ.....**
**હેપી બર્થડે....ટુ... યુ...**

આ શુભ દિવસે અમારા અનેક શુભાશિષો..
પ્રભુ તને મન, મગજ અને શરીરથી
સ્વસ્થ, સુંદર, સહજ અને સરળ રાખે
અને તને માનવ અને સમાજ સેવા કરવાની
ભાવના, ધગશ અને પ્રેરણા મળે

**શુભેચ્છક**

સંજય-પપ્પા    નિલીમા-મમ્મી
જયેશફુવાજી-નૌવાફોઇ
ઋત્વિ દીદી અને પ્યારો વિધેય
બિપીનદાદા - નયનાદાદી

ડી-૫, શિવાની પાર્ક રો હાઉસીસ,
કેપ્ટન લક્ષ્મીમાર્ગ, આનંદ મહલ રોડ,
સંસ્કારભારતી સ્કૂલ સામે, અડાજણ-સુરત-૯
મો. ૯૮૯૮૫ ૭૫૦૨૫

## હેપી બર્થ ડે... ટુ... યુ...



**ચિ. સીયા રાકેશભાઇ પંચોલી**
**જન્મ તા. ૧૭.૦૪.૨૦૧૨**
**શુભેચ્છક**

ગં.સ્વ. ઉર્મિલાબેન શનાભાઇ પંચોલી
અનિલાબેન મહેશભાઇ શનાભાઇ પંચોલી
મેઘાબેન રાકેશભાઇ મહેશભાઇ પંચોલી
સચીનકુમાર મહેશભાઇ પંચોલી
જુના ટાવર પાસે, મુ.પો.તા. સંખેડા.
જિ. છોટાઉદેપુર
મો. ૯૭૨૬૭ ૩૪૬૩૯

## Saadi.Com



Name : **Asha**
Father : Rajeshbhai J. Pancholi
Mother : Kailashben
Birth Date : 31.05.1989 Hight : 5'.4" Weight : 50kg.
Native : Sankheda Mosal : Rajpipla
Education : B.A., M.A., B.Ed.
Brother : 1- Sandip (Married)
Sister : 1-Bhavika (Married)
Address : B-108, Ramdev Soc., B/h. Dharti Soc., Old Bapod Jakatnaka, Waghodia Road, Vadodara
Ph. : 96877 22963
Email : ashapancholi1306@gmail.com

# BEST WISHES ON OCASION OF MARRIAGE CEREMONY



**Divya**
D/o. Harishbhai S. Pancholi &
Mrs. Mamtaben H. Pancholi

**Nayan**
S/o. Harishbhai M. Pancholi &
Mrs. Alkaben H. Pancholi (USA)

**Marriage : 25.02.2016**

*With best Compliments from :-*

Late Santilal Chhabildas Pancholi
Late Kapilaben S. Pancholi
Harishbhai S.Pancholi
Bharatbhai S. Pancholi
Daxaben B. Pancholi
Jigar Bharatbhai Pancholi
Shashang B. Pancholi
Vaibhavi Vishal Pancholi
Vishal H. Pancholi

5/595, "Kaivalam" Pancholi Street, Haripura
Surat - 395 003 Mo. : 92280 40018



**Vishal**
S/o. Harishbhai M. Pancholi &
Mrs. Alkaben H. Pancholi

**Vaibhavi**
D/o. Harishbhai S. Pancholi &
Mrs. Mamtaben H. Pancholi

**Marriage : 22.02.2016**

*With best Compliments from :-*

Late Mohanlal B. Pancholi
Late Harigangaben M. Pancholi
Mr. Harishbhai M. Pancholi
Mrs. Alkaben H. Pancholi
Mr. Nayan H. Pancholi
Mrs. Divya N. Pancholi

Junagam, Parekh Street, Fort Songadha,
Dist. Tapi, 394 670

7109, Old Missouri Road av.
Centreville - IL 62207

# હૃદયાંજલી



**સ્વ. જયોતિ શરદકુમાર મિસ્ત્રી**
**જન્મ : ૪ જુલાઈ ૧૯૬૧ સ્વર્ગવાસ તા. ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૬**

નાની શી જિંદગી હતી, પણ માયા મોટી લગાડી ગઈ
જીવન થોડું જીવી ગઈ, યાદો મોટી મુકી ગઈ
સદાય હસતો ચહેરો તારો, સૌને રડાવી ગઈ
તારી અણધારી વિદાય, અમોને કદી ભુલાશે નહીં...

પરમકૃપાળુ પરમાત્મા તારા દિવ્ય આત્માને શાંતિ અર્પે
એજ અમારી અંતઃકરણથી પ્રાર્થના..

## અર્પણકર્તા

રશ્મિન ભગવાનદાસ મિસ્ત્રી
ઈલા રશ્મિન મિસ્ત્રિ
સમિત રશ્મિન મિસ્ત્રી
તેજસ્વીની સમિત મિસ્ત્રી

અજીત ભગવાનદાસ મહેતા
ભાવના અજીત મહેતા
કિંજલ જયકુમાર શાહ
જયકુમાર નિખિલભાઈ શાહ

કૃણાલ, સનાયા, રિચી, જિગ્નેશ, આન્યા, આનિકા

૪૧, ઉમા ઈરલા સોસાયટી, ઈરલા લેન, વિલેપાર્લે(વેસ્ટ) મુંબઈ ૪૦૦૦૫૬
ફોન : ૦૨૨-૨૬૭૧-૨૬૭૧૦૫૭૯
મો. : ૯૮૨૦૯ ૨૧૨૬૨

# ભાવભીની સ્મરણાંજલી



**કૈ. મધુસુદન જી. કાપડિયા**
**જન્મ : ૧૫ જુલાઈ ૧૯૪૧ સ્વર્ગવાસ તા. ૯ માર્ચ ૨૦૧૬**
**હૃદયવાસ : સદા....**

''કર્મો એવા કર્યા, બધાના દિલમાં વસ્યા
જીવન છોડી ગયા, છતા અમારા હૈયામાં વસ્યા''

પરમકૃપાળુ પરમાત્મા તારા દિવ્ય આત્માને શાંતિ અર્પે
એજ અમારી અંતઃકરણથી પ્રાર્થના..

**અર્પણકર્તા**

ચંદ્રકાંતાબેન મધુસુદન કાપડિયા
પૂર્વેશ મધુસુદન કાપડિયા ડૉ. પ્રણય મધુસુદન કાપડિયા
રૂપલ પૂર્વેશ કાપડિયા ડૉ. સંચાલી પ્રણય કાપડિયા
આદિત્ય, મનસ્વીની, અન્વયી
મુંબઈ

## તૃતીય પૂણ્યતિથિએ
## હૃદયાંજલિ



**અ.સૌ. કલાવતીબેન રણજીતભાઈ મિસ્ત્રી**
**સ્વ. : તા.૫.૪.૨૦૧૩**

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે,
કર્મ સદા એવા કર્યા કે સૌના હૈયામાં ગુંજ્યા કરે,
દુઃખથી કદી ડર્યા નહીં, વહેવાર કદી ચુકયા નહી,
ધર્મ કદી ભુલ્યા નહીં, સુખ-દુઃખમાં સદા હસતાં રહ્યા,
દર્શન નથી તમારા, પણ હૃદયમાં વાસ છે....
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે
એજ અમારી સૌની પ્રાર્થના....

**અર્પણકર્તા**
શ્રી રણજીતલાલ ઝીણાભાઈ મિસ્ત્રી
નિલેશ રણજીતલાલ મિસ્ત્રી
રિતેશ રણજીતલાલ મિસ્ત્રી    શીતલ રીતેશ મિસ્ત્રી
ચિ. વિધિ - ચિ. ભવ્ય

૨/૯૨૯, હિરામોદીની શેરી, સગરામપુરા, સુરત-૨
મો. ૯૮૭૯૨ ૦૦૪૨૫/૯૮૭૯૨ ૦૦૪૨૫

## ચતુર્થ પૂણ્યતિથિએ
## હૃદયાંજલિ




**સ્વ. ડો. તેજલબેન પંચોલી**
જન્મ : ૨૯.૪.૨૦૮૩    સ્વ. ૩૦.૩.૨૦૧૨

દિવસો વિત્યા, ચોથુ વર્ષ વિત્યુ, વર્ષો વર્ષ વિતી જાશે,
છતાં યાદ તમારી , અકબંધ રહેશે... બેટા 'તેજલ'
તારો દેહ ભલે અદ્રશ્ય થયો, પણ તારી યાદો. સ્મૃતિ,
નિઃસ્વાર્થ પ્રેમ, સંસ્મરણો ચિરઃકાળ રહેશે. તુ યાદ આવે ને
આંખોમાં સતત આંસું વહે, આપની વિદાયથી અમોને પડેલ ખોટ
કયારેય પુરાશે નહીં, રડી પડે છે આંખો અમારી
જોઈ તમારી તસ્વીર, દરેક પ્રસંગોમાં ખટકે છે અમોને તારી
ગેરહાજરી, તમારા વિના સુનુ થયું આ આંગણું, વિના વેરાન થયું
આ ઘર, હવે ફકત યાદો રહી, ફકત તસ્વીર રહી..
શું આપીએ શ્રદ્ધાંજલી પુષ્પો ઓછા પડે છે,
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રભુપ્રાર્થના

**લિ. આપના જ**
સ્વ. ચંદુલાલ એચ. પંચોલી    સ્વ. વિનુબેન ચંદુલાલ પંચોલી
શ્રી કનુભાઈ ચંદુલાલ પંચોલી    અ.સૌ. કુસુમબેન કે. પંચોલી
શ્રી બ્રિજેશકુમાર કનુભાઈ પંચોલી    અ.સૌ. હિરલબેન બી. પંચોલી
ચિ. આર્ષ (આશુ) - ચિ. નવ્યા - ચિ. હર્ષિત ડી. પંચોલી

૩૦, કમલાપાર્ક સો. વડોદરા-૨૨

# પ્રથમ જન્મ દિવસની હાર્દિક શુભેચ્છાઓ



**ચિ. નિષ્કા કુણાલકુમાર મિસ્ત્રી-બીલીમોરા**
**તા. ૯.૦૪.૨૦૧૫**

## આગમન

એક નાનકડી પરીનું
આગમન શું થયું અમ જીવનમાં.
સર્વ કાંઈ બદલાઈ ગયું, અમ જીવનમાં .
એ નાનકડા કોમળ હાથને, જ્યારે ચૂમ્યો મેં ,
લાગ્યું આખું વિશ્વ મને, નિહાળી રહ્યું ઇર્ષાથી.
પગની ગુલાબી પાનીને, સ્પર્શું કે ના સ્પર્શું ?
અવઢવ મુજ મનમાં.
ધવલ જાણે એવી, માખણમાં મળી ગઇ મિસરી.
નિહાળું એ પરી ને કે નિહાળું જગતનિયંતાને,
બનાવ્યા જેણે ધન્ય અમોને
" નિષ્કા" તું છે અમ ઉપવનનું
નાજુક પુષ્પ ,
વધાવું તારા આગમન ને.
શોભા કિશોર મિસ્ત્રી,..' અક્ષય. '

**શુભેચ્છક**

કિશોર એન. મિસ્ત્રી — શોભા કિ. મિસ્ત્રી
કુણાલ કિ. મિસ્ત્રી — હેલી કુ. મિસ્ત્રી
દિનેશ શાં. પટેલ — સ્મિતા દિ. પટેલ
ચિ. દિપાલી દિનેશ પટેલ
'ગોવિંદ વિજય, દેનાબેંક સામે, બીલીમોરા

# કુર્યાત સદા મંગલમ્



સોનગઢ(યુ.એસ.એ.) નિવાસી શ્રીમતિ અલકાબેન તથા શ્રી હરીશભાઇ મોહનલાલ પંચોલીના સુપુત્ર ચિ. વિશાલના શુભ લગ્ન સુરત નિવાસી શ્રીમતિ મમતાબેન તથા શ્રી હરીશભાઇ શાંતિલાલ પંચોલીની સુપુત્રી ચિ. વૈભવી સાથે તા. ૨૨.૦૨.૨૦૧૬ના રોજ થયા.

સોનગઢ(યુ.એસ.એ.) નિવાસી શ્રીમતિ અલકાબેન તથા શ્રી હરીશભાઇ મોહનલાલ પંચોલી ના સુપુત્ર ચિ. નયનના શુભ લગ્ન સુરત નિવાસી શ્રીમતિ મમતાબેન તથા શ્રી હરીશભાઇ શાંતિલાલ પંચોલીની સુપુત્રી ચિ. દિવ્યા સાથે તા. ૨૫.૦૨. ૨૦૧૬ ના રોજ થયા.





સુરત(અજરાઇ) નિવાસી શ્રીમતિ ગીતાબેન તથા શ્રી દિલીપભાઇ મોહનલાલ મિસ્ત્રીના સુપુત્ર ચિ. નિકુંજના શુભ લગ્ન ઉધના (સુરત) નિવાસી શ્રીમતિ નીતાબેન તથા શ્રી દિપકભાઇ ભાઇલાલભાઇ પંચોલીની સુપુત્રી ચિ. કાજલ સાથે તા. ૨૨.૦૨. ૨૦૧૬ ના રોજ થયા.

વડોદરા નિવાસી શ્રીમતિ તૃપ્તીબેન તથા શ્રી નારણભાઇ ઓચ્છવલાલ પંચોલીની સુપુત્રી ચિ. નિધિના શુભ લગ્ન હાલ વડોદરા નિવાસી શ્રીમતિ બીનાબેન તથા શ્રી હરીશભાઇ ડાહ્યાભાઇ પંચોલીના સુપુત્ર ચિ. કૃણાલ સાથે તા. ૨૬.૦૧. ૨૦૧૬ ના રોજ થયા.





# કેન્સર



## પીંક રીબીન

એક આકર્ષક પ્રૌઢ હળવી ચાલે નાસ્તા માટે રેસ્ટોરન્ટમાં પ્રવેશ્યો અને ટેબલ પર જગ્યા લીધી. બાજુના ટેબલ પર યુવાનોનું ટોળું એમને જોઇને છુપી મશ્કરી કરી રહ્યું હતું. એને ખ્યાલ આવી ગયો કે એમણે સૂટ પહેર્યો હતો અને તેના કોલર પર ગુલાબી રીબીન લગાડી હતી એના કારણે તેઓ મશ્કરી કરી રહ્યાં હતાં.

પેલા પ્રૌઢ વ્યકિતએ ખૂબ જ શાંતિથી મશ્કરી કરતા યુવાનો પાસે જઇ હાથ મીલાવી પોતાના ટેબલ પર આવવા આમંત્રણ આપ્યું. યુવાનોએ જગ્યા લીધી એટલે પ્રૌઢ પુરૂષે કહ્યું : 'સ્તન કેન્સર' માટે જાગૃતિ લાવવા માટે હું રીબીન ચોટાડી ફરું છું. હુ મારી માતાના સ્તનના માનમાં આ રીબીન ધારણ કરું છું.

યુવાને પૂછ્યું 'અમને માફ કરશો, શું આપના માતુશ્રી સ્તન કેન્સરથી મૃત્યુ પામ્યા છે ?'

પ્રૌઠ વ્યકિતએ કહ્યું : 'ના હજુ તે જીવે છે, અને તંદુરસ્ત છે. જયારે હું નાનો બાળક હતો ત્યારે એના સ્તનોએ મારું પોષણ કર્યુ હતું. અને. હાલ આ ગુલાબી રીબીન મારી પત્નીના સ્તનના માનમાં ધારણ કરું છું. મારી પત્નીના સ્તનો અમારા બન્ને માટે અદ્દ્‌ભુત પ્રેમ અને આનંદનો સ્ત્રોત બન્યા છે. આ સ્તનોએ ૨૩ વર્ષ પહેલાં અમારી સ્વરૂપવાન અને સુંદર પુત્રીનું પોષણ કર્યુ હતું. '

યુવાને કહ્યું : ' હું માનું છુ ત્યાં સુધી આપ આ રીબીન આપની પુત્રીના સ્તનના માનમાં ધારણ કરી રહ્યા છો. ખરું ને ?

પ્રૌઢે કહ્યું : ના, હવે મારી પુત્રીના માનમાં આ રીબીન ધારણ કરવામાં ઘણું મોડું થઇ ગયું છે. મારી પુત્રી સ્તન કેન્સરને કારણે એક માસ પહેલા જ ૨૩ વર્ષની ઉંમરે મૃત્યુ પામી છે. જયારે સ્તનની ગાંઠ નીકળી ત્યારે શરમ ને લીધે સારું થઇ જશે, એમ માની અવગણના કરી અને જોતજોતામાં કેન્સર લિવર અને ફેફસામાં પ્રસરી ગયું અને....

યુવાને કહ્યું : ' હું ઘણો જ દિલગીર છું.'

' તેથી મારી પુત્રીની યાદગીરીને અર્થે હું આ ગુલાબી રીબીન ધારણ કરું છું. જે મને લોકોમાં સ્તન કેન્સર અંગેની જાગૃતિ ફેલાવવાની તક પુરી પાડે છે. તમે સૌ ઘરે જઇ તમારી પત્ની, તમારી પુત્રી, તમારી માતા અને તમારા મિત્રોને આ વાત જણાવો કે સ્તનની નાની ગાંઠ જેવું જણાય તો તરત જ વિના સંકોચે ડોકટરનો સંપર્ક કરો અને યોગ્ય સારવાર લો. આમ કહી પ્રૌઢ પુરૂષે કોટના પાકીટમાંથી થોડી ગુલાબી પટ્ટીઓ કાઢી યુવાનો સમક્ષ ધરી..

એક યુવાને આગળ આવી ને એક રીબીન ઉપાડી અને પ્રૌઢ પુરૂષને કહ્યું. 'તમે આ રીબીન મારા કોલર પર લગાડવામાં મદદરૂપ થશો ? હું પણ હવે સ્તન કેન્સર અંગે જાગૃતિ માટે પ્રયત્ન કરીશ .

બહેનો આ હૃદય સ્પર્શી વાર્તા વાંચીને આપણે એ સંદેશ મેળવવાનો છે કે જે પ્રૌઢ પુરૂષે નાની ઉંમરની પુત્રી ગુમાવી તેવી જ રીતે આપણે સ્વયં આપણી બહેન, પુત્રવધુ કે પુત્રીને સ્તન કેન્સરની બિમારી સહન કરવી ન પડે અને સ્વજન ગુમાવવું ન પડે એ માટે જાગૃત રહીએ...

આજના યુગમાં કેન્સરના કેશો વધુ પ્રમાણમાં થઇ રહ્યાં છે. પુરૂષોમાં મુખ્યત્વે જીભ - ગળા - અન્નનળી તથા ફેફસાના કેન્સર થાય છે. જયારે બહેનોમાં મુખ્યત્વે ગર્ભાશય અને સ્તનના કેન્સર થાય છે. કેન્સરમાં ગાંઠ થાય છે, તેમાં મોટા ભાગની ગાંઠ સાદી હોય છે. દશ બહેનોને સ્તનમાં ગાઠ હોય છે તેમાં આઠ ગાંઠ સાદી હોય અને ફકત બે બહેનોને કેન્સરની ગાંઠની શકયતા હોય છે.. કેન્સરની ગાંઠ મોટે ભાગે એક જ સ્તનમાં હોય છે. પથ્થર જેવી સખત હોય છે, અને દરદ કરતી નથી અને ઝડપથી વધે છે..

કેન્સર ડોકટરની ભાષામાં ચાર સ્ટેજમાં આગળ વધે છે. પ્રથમ સ્ટેજમાં શરૂઆતમાં જ નિદાન થઇ શકે તો ખૂબ જ સચોટ અને સરળ સારવાર થઇ શકે છે. દ્વિતીય સ્ટેજમાં પણ સારવાર શકય બને છે. પણ ત્રીજા અને ચોથા સ્ટેજમાં દરદીને સારવાર દરમિયાન ખૂબ જ યાતના સહન કરવી પડે છે. અને ધારેલ પરિણામ મળતું નથી. આથી આપને કેન્સરની શંકા જાય કે તરત જ ડર રાખ્યા વિના ડોકટરોનો સંપર્ક કરવો....

જિંદગી ક્યારે પણ
કોઈની રાહ જોતી નથી,
બસ જીવવાનું કારણ
બદલાય જાય છે.

# કેન્સર

**કેન્સર શું છે ? :–**

શરીરમાં વિવિધ અંગોમાં આવેલ કોષોની અનિયમિત અને અનિયંત્રિત રીતે વૃદ્ધિ થઇને ગાંઠના રૂપમાં જમા થયેલ સ્વરૂપને કેન્સર કહે છે. જે કાર્યવિહિન અને શરીરને હાની કારક હોય છે. કેન્સર ચેપીરોગ નથી તથા એક વ્યકિતમાંથી બીજી વ્યકિતમાં ફેલાતો નથી.

**લાઈફ સ્ટાઈલ અને કેન્સર :–**

♦ મોઢાનું કેન્સર (પાન-મસાલા, ગુટકા, તમાકુ ખાવાથી)

♦ ફેફસાનું કેન્સર : ધુમ્રપાનના કારણે..

♦ લીવરનું કેન્સર : વધુ પડતા દારૂનું સેવનથી

♦ આંતરડાનું કેન્સર : માંસાહારી ખોરાકથી, મરી-મસાલા, ચરબીવાળા ખોરાકથી.

વ્યવસાયને લીધે થતું કેન્સર :-

ફેફસા અને ગળાનું કેન્સર : રજકણ, એસ્બેસટોસથી

ચામડી, કીડની, વૃષણ ગ્રંથી, મુત્રાશયનું કેન્સર : કલર ઇન્ડસ્ટ્રીઝથી, ટારના સંસર્ગથી.

**વારસાગત કેન્સર :–**

♦ સ્તન કેન્સર

♦ અંડાશયનું કેન્સર

♦ ગર્ભાશયના મુખનું કેન્સર

♦ આંતરડાનું કેન્સર

**કેન્સરના સંકેત :–**

♦ દીર્ઘ સમયથી રૂઝ ન આવતું ચાંદુ. ♦ લાંબા સમયની ખાંસી (૪ - ૫ અઠવાડીયાથી વધુ.) ♦ અવાજ સતત બેઠેલો રહેવો. ♦ ખોરાક ગળવામાં તકલીફ થવી. ♦ વજન ઓછું થવું. ♦ હિમોગ્લોબીનનું પ્રમાણ ઓછું થવું. ♦ સ્તનમાં અથવા શરીરના અન્યભાગમાં સોજો આવવો અથવા ગાંઠ થવી.

♦ કાયમ ઝાડા અથવા કબજીઆત રહેવી. ♦ રકતસ્ત્રાવ અથવા અન્ય સ્ત્રાવ લાંબા સમય સુધી થવો. ♦ મસામાં અનિયમિત રૂપે બદલાવ આવવો.

**મુખ્યત્વે જોવા મળતા કેન્સર :–**

પુરૂષોમાં : ♦ મોઢાનું કેન્સર ♦ સ્વરપેટીનું કેન્સર

♦ અન્નનળીનું કેન્સર ♦ ફેફસાનું કેન્સર

સ્ત્રીઓમાં : ♦ સ્તન કેન્સર ♦ ગર્ભાશયના મુખનું કેન્સર

♦ અંડાશયનું કેન્સર

# સ્તન કેન્સર

સ્તન કેન્સર એ સ્ત્રીઓમાં સૌથી વધુ જોવા મળતું કેન્સર છે. ભારતમાં દર ૩૦ માંથી એક સ્ત્રી સ્તન કેન્સરથી ગ્રસ્ત હોય છે. સ્તન કેન્સર એ સ્તનના અનિયમિત રૂપથી વૃદ્ધિ થયેલ કોષોની ગાંઠનું સ્વરૂપ છે.

**સ્તન કેન્સર મુખ્યત્વે કઈ સ્ત્રીને થઈ શકે છે ?**

૨૦ વર્ષ પછીની કોઇપણ ઉંમરે. જે સ્ત્રીઓને અગાઉ એક સ્તનમાં કેન્સર થયું હોય. વારસાગત કારણો (મા, દાદી, નાની, માસી, બહેન વિગેરેમાંથી કોઇને કેન્સર થયું હોય). માસિક સ્ત્રાવની શરૂઆત જલ્દીથી થઇ હોય. બાળક ન હોવું અથવા ૩૦ વર્ષની ઉંમર પછી પહેલું બાળક થયું હોય. સ્તનપાન ન કરાવ્યું હોય. મોટી ઉંમરે મેનોપોઝ થયું હોય (૫૦ વર્ષની ઉંમર પછીથી). અયોગ્ય જીવનશૈલી(જાડાપણું, કસરતનો અભાવ, દારૂનું સેવન) હોર્મોન્સની સારવાર લાંબા સમય સુધી લીધી હોય. ક્ષ-કિરણના સતત સંસર્ગથી. પુરૂષમાં પણ ખુબ ઓછા પ્રમાણમાં થઇ શકે છે.

સ્તન કેન્સરના લક્ષણો : સ્તનના આકારમાં અને માપમાં અચાનક ફેરફાર. સ્તનમાં અથવા બગલમાં જાડાપણું અથવા ગાંઠ જોવા મળે. સ્તનની ચામડીમાં બદલાવ થવો, જેમકે સુકી ચામડી થવી, ખાડા પડવા, ગરમ થવું, લાલાશ પડતી ચામડી અથવા સોજો આવવો. સ્તનની ડીંટડીમાંથી રકતસ્ત્રાવ આવવો અથવા અન્ય સ્ત્રાવ આવવો. સ્તનની ડીંટડીમાં ઉભાર આવવો અગવા ખાડો પડવો.

સ્તન કેન્સરનું શીઘ્ર નિદાન :- દર મહિને સ્તનનું સ્વ-પરીક્ષણ થવું જોઇએ. ૪૫ વર્ષની આયુ પછી દર વર્ષે મેમોગ્રાફી કરાવવી (જો ફેમીલીમાં કોઇને સ્તન કેન્સર હોય તો ૩૫ વર્ષની ઉંમર પછી દર બે વર્ષે મેમોગ્રાફી કરમાવવી.ફેમીલી ડોક્ટર દ્વારા નિયમિત છ મહિને પ્રાથમિક તપાસ કરાવતા રહેવું.

સ્તન કેન્સરના નિદાનની મુખ્ય પદ્ધતિઓ :-

મેમોગ્રાફી

સોનોગ્રાફી

એમ.આર.આઇ.સ્કેન

બાયોપ્સી (મેમોગ્રાફી બાદ નિદાન ચોકકસ કરવા બાયોપ્સી

કરાવવામાં આવે છે.

સ્તનનું સ્વપરિક્ષણ :- સ્તનનું સ્વપરિક્ષણ માસિક સ્ત્રાવના ૭ થી ૧૦ દિવસ સુધીમાં કરવું. માસિક સ્ત્રાવ બંધ થઇ ગયું હોય (મોનોપોઝ બાદ) તે સ્ત્રીઓએ દર મહિનાની એક તારીખ નિશ્ચિત નકકી કરી ને સ્તનનું પરિક્ષણ કરવું જોઇએ. દર્પણની સામે રહીને સ્તનના આકારમાં ફેરફાર, માપમાં ફેરફાર, સ્તનની ચામડીમાં ફેરફાર વિગેરેનું અવલોકન કરવું. સ્તનની ડીટડીને દબાવીને તેમાંથી કોઇ સ્ત્રાવ અથવા રકતસ્ત્રાવ નીકળે છે તેની તપાસ કરવી.

સારવાર : શસ્ત્રક્રિયા, કીમોથેરાપી, રેડીએશન, હોર્મોન થેરાપી.

શસ્ત્રક્રિયા :-સ્તન કેન્સર જો શરૂઆતની અવસ્થામાં હોય, ગાંઠ નાની હોય તો શસ્ત્રક્રિયા સરળ બને છે. તેમાં સ્તનને બચાવી ફકત ગાંઠ કાઢવામાં આવે છે.

સ્તન કેન્સર દ્વિતીય અવસ્થામાં હોય, ગાંઠ મોટી હોય તથા બગલમાં ગાંઠ ફેલાયેલી હોય તો સ્તન તથા બગલની ગાંઠ કાઢવાની સર્જરી કરવામાં આવે છે. જેને મોડીફાઇડ મેસ્ટેકટોમી સર્જરી કહે છે.

સ્તનનું પુનઃનિર્માણ :- પ્લાસ્ટીક સર્જરી દ્વારા કરવામાં આવે છે..

સ્તન કેન્સર જો અંતિમ અવસ્થામાં હોય તો તેની સારવાર થોડી જટીલ છે..

# ગર્ભાશયના મુખનું કેન્સર સર્વાઈકલ કેન્સર

સ્ત્રીઓમાં સૌથી વધુ જોવા મળતા કેન્સરમાં ગર્ભાશગના મુખનું કેન્સર મુખ્ય છે. ગર્ભાશિયનું મુખ એ ગર્ભાશિયનો સૌથી નીચેનો સાંકડોભાગ છે જે ગર્ભાશય અને યોનિનું જોડાણ કરે છે.

ગર્ભાશિયના મુખ પર કેન્સરના અનિયંત્રણ કોષો વૃદ્ધિ પામીને કેન્સરની ગાંઠનું સ્વરૂપ છે છે.

ગર્ભાશિયના મુખનું કેન્સર થવાનાં કારણો :-

**HPV** (હ્યુમન પેપીલોમા વાઇરસનું ઇન્ફેકશન), રોગપ્રતિકાર શકિતની ઉણપ, હર્પીસ વાઇરસનું ઇન્ફેકશન, ધુમ્રપાન, ગર્ચનિરોધક ગોળીનું દીર્ધસમય સુધી સેવન...

**ગર્ભાશિયના મુખનું કેન્સર રોકવાના ઉપાય :-**

૩૫ વર્ષની ઉંમર પછી દર વર્ષે સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા ગર્ચાશિયની પ્રાથમિક પ.ાસ કરાવવી. દર વર્ષે પેપ-સ્મીઅર ટેસ્ટ (ગર્ભાશિયના મુખનું પરિક્ષણ) કરવવું. ગર્ભાશિય કેન્સરને અટકાવવા ૧૦ થી ૩૫ વર્ષની સ્ત્રીઓએ વેકસીનેશન કરાવવું. નાની વયે શારીરિક સંબંધ ટાળવો. અનૈતિક સંબંધોથી દુર રહેવું. જાતિય રોગ પીડિત વ્યકિત સાથે શારીરિક સંબધ ટાળવો. નિરોધનો ઉપયોગ કરવો. ધુમ્રપાનનો ત્યાગ કરવો.

**લક્ષણો :-**

અનિયમિત અને અધિક માત્રામાં માસિક સ્ત્રાવ આવવુ. શારીરિક સંબધ દરમ્યાન અથવા ગર્ભાશિયની તપાસ દરમ્યાન રકતસ્ત્રાવ થવો. શારીરિક સંબધ દરમ્યાન દુઃખાવો થવો. માસિક સ્ત્રાવ બંધ થયા બાદ (મેનોપોઝ બાદ૦ માસિક સ્ત્રાવ આવવો. યોનિસ્ત્રાવમાં વધારો થવો.

**નિદાન :-** ગર્ભાશિયની પ્રાથમિક તપાસ, પેપ સ્મેઅર ટેસ્ટ, કોલ્પોસ્કોપી, એમ.આર.આઇ. સ્કેન, સી.ટી.સ્કેન/પેટ સ્કેન

**સારવાર :-** ગર્ભાશિયના મુખની સારવાર, કેન્સરની અવસ્થા, કેન્સરની ગાંઠનું માપ, સ્ત્રીની તંદુરસ્તી તેમજ ગર્ભધારણની ઇચ્છા પર આધાર રાખે છે. ગર્ભાશિયના મુખના કેન્સરમાં એકથી વધારે સારવાર ઉપયોગમાં લેવામાં આવે છે. જેમ કે શસ્ત્રક્રિયા, રેડીએશન, કીમોથેરાપી.

**શસ્ત્રક્રિયા :-**

ગર્ભાશિયના મુખના કેન્સરની શસ્ત્રક્રિયામાં મુખ્યત્વે ગર્ભાશિયને દુર કરવાની સારવાર હોય છે. જેને વર્ધાઇમ હીસ્ટેરેકટોમી ઓપરેશન કરહેવામાં આવે છે.

વર્ધાઇમ હીસ્ટરેકટોમી કે જેમાં ગર્ભાશિયની સાથે સાથે આજુબાજુ જોડાયેલા બીજવાહીની, અંડાશય તથા માશપેશી વિગેરે દુર કરવામાં આવે છે.

લેપોસ્કોપીક વર્ધાઇમ હીસ્ટરેકટોમી - જે આજના આધુનિક યુગમાં દર્દી માટે ખુબ જ લાભદાયક અને પીડા વગરની શસ્ત્રક્રિયા છે. દુરબીન દ્વારા પેટ પર કાપ મુકયા વગર (અગવા ખૂબ જ નાના કાપ મૂકીને) ગર્ભાશિયને દૂર કરવામાં આવે છે. જેથી દર્દી વધારે પીડા થતી નથી અને ખુબ જ ટૂંક સમયમાં પોતાની રોજીદી ક્રિયા કરી શકે છે...

## ગર્ભાશયનું કેન્સર

**ચિન્હો :–** ૫૦ વર્ષથી ઉપરની ઉંમરે (માસિક સ્ત્રાવ બંધ થયા બાદના સમયે) વધુ જોવા મળે. અધિક માસિકસ્ત્રાવ. પેઢાના ભાગમાં દુઃખાવો. દુર્ગંધ યુકત યોનિસ્ત્રાવ.

**કારણો :–** ડાયાબીટીશ અથવા હાયપર ટેન્સનથી પીડાતી સ્ત્રી. વંધ્યત્વપણું. પોલીસીસ્ટીક ઓવરી ડીસીઝ. લેઇટ મોનોપોઝ. વારસાગત.

**નિદાન :–** બાયોપ્સી, સોનોગ્રાફી

સારવાર શસ્ત્રક્રિયા, રેડીએશન, કીમોથેરાપી.

## અંડાશયનું કેન્સર

અંડાશયનું કેન્સર એ સ્ત્રીઓમાં જોવા મળતું ત્રીજા નંબરનું મુખ્ય કેન્સર છે.

**ચિન્હો :–** પેટમાં દુઃખાવો અથવા ભારેપણું લાગવું. અનિયમિત માસિક સ્ત્રાવ. અચાનક વજનમાં વધારો અથવા ઘટાડો થવો. ભૂખ ન લાગવી. ઉબકા, ઉલ્ટી કબજીઆત.

**કારણો :–** ૫૦ વર્ષથી ઉપરની ઉંમરની સ્ત્રીમાં ગર્ભધારણ ન થતું હોય અથવા ગર્ભધારણ માટે ઉપયોગમાં લેવાતી દવાઓથી. વારસાગત કારણો. જે સ્ત્રીને અગાઉ સ્તન કેન્સર અથવા આંતરડાનું કેન્સર થયું હોય. હોર્મોન રીપ્લેશમેન્ટ થેરેપી લેનાર સ્ત્રીઓમાં (આ સ્ત્રીઓ અંડાશયના કેન્સર થવા માટે અતિ સંવેદનશીલ હોય છે.)

## પ્રોસ્ટેટનું કેન્સર

**ચિન્હો :–** વારંવાર પેશાબ થવો(રાત્રે વધુ થવો). પેશાબ રોકાઇને આવે. એકધારથી ન આવે, પેશાબ થવામાં તકલીફ થવી. પેશાબમાં બળતરા થવી. શારીરિક સંબધ વખતે ઉત્તેજના આવવામાં તકલીફ થવી અથવા પીડાયુકત સ્ખલન થવું. તેશાબ અથવા વીર્યમાં લોહી આવવું. કમરમાં, થાપામાં અથવા જાંઘમાં વારંવાર દુઃખાવો થવો.

**કારણો :–** ઉંમર વધવાને કારણે ટેસ્ટેસ્ટેરોન હોર્મેનનું પ્રમાણ વધુ હોવું.

**નિદાન :** લોહીમાં PSA (પ્રોસ્ટેટ સ્પેસીફીક એન્ટીજન) ટેસ્ટ કરાવવો. સોનો ગ્રાફી.

## મોઢાનું કેન્સર ઓરલ કેન્સર

મોઢાનું કેન્સર એ ભારતના પુરૂષોમાં મુખ્યત્વે જોવા મળતું કેન્સર છે. ભારતમાં દર વર્ષે ૭ લાખ નવા કેસો મોઢાના કેન્સરના નિદાન થાય છે. જેમાં ૩ લાખ વ્યકિતને બીડી, સીગારેટ, ગુટકા, તમાકુના સેવનની આદતને કારણે મોઢાનું કેન્સર થયેલ જોવા મળે છે.

**ચિન્હો :–** મોઢામાં લાંબા સમયથી સફેદ અથવા લાલ રંગનું ચાંદુ હોવું. જેમાં મોટે ભાગે દુઃખાવો હોતો નથી. મોઢુ બે આંગળીથી વધારે ન ખુલવું. ગાલની અંદરની ચામડીમાં સોજો આવવો. અથવા લાંબા સમયની ગાંઠ હોવી.

**પ્રાથમિક લક્ષણો :–** ઓરલ લ્યુકોપ્લેકીઆ, ઈરીથો પ્લેકીઆ, ઓરલ સબમ્યુકસ ફાઇબ્રોસીસ.

**નિદાન :–** બાયોપ્સી

**મુખ્ય સ્થાનો :–** જીભ અને મોઢાના તળીયાનો ભાગ, ગાલના અંદરના ભાગમાં, પેઢા પર, તાળવા પર, ગળામાં (ધુમ્રપાનના કારણે)

સારવાર શસ્ત્રક્રિયા, રેડીએશન, કીમોથેરાપી.

## અન્ય અંગોમાં થતા કેન્સર

### –: ફેફસાનું કેન્સર :–

**ચિહનો :–** લાંબા સમયની ખાસી, ગળફામાં લોહી આવવું. અવાજમાં ફેરફાર થવો. છાતીમાં દુખાવો રહેવો. શ્વાસ લેવામાં તકલીફ થવી. ફેફસામાં પાણીનો ભરાવો થવો.

**કારણો :–** ધુમ્રપાન, ક્ષ-કિરણના સંસર્ગથી. એસ્બેટોસ, કોલસો, ટારના સતત સંપર્કથી.

### –: આંતરડાનું કેન્સર :–

**ચિહનો :–** ઝાડામાં લોહી આવવું. ઝાડામાં અનિયમિતતા - કયારેક કબજીઆત અથવા વારંવાર ઝાડા થવા. પેટનો દુઃખાવો. ભૂખ ન લાગવી. એનીમીયા (થાક લાગવો, હીમોગ્લોબીનની ઉણપ)

**કારણો :–** ૪૦ વર્ષની ઉપરની વયે, વારસાગત કારણો, આંતરડામાં સોજો હોવો, સ્તન કેન્સર અથવા ગર્ભાશય કેન્સર ગ્રસ્ત સ્ત્રીઓને, લો-ફાઇબર ખોરાકના સેવનથી, માંસાહારથી ખોરાકના સેવનથી.

### -: અન્નનળીનું કેન્સર :-

ચિહનો :- ખોરાક ગળવામાં તકલીફ થવવી. કઠિન ખોરાક પ્રવાહીની મદદથી ઉતરવું પડે ફક્ત પ્રવાહી જ લઇ શકાય.

કારણો :- ધુમ્રપાન, દારૂનું સેવન, વીટામીન અને ખનીજ તત્વોની ઉણપ.

### -: સ્વર પેટીનું કેન્સર :-

ચિહનો :- લાંબા સમયથી અવાજ બેસેલો હોવો. ગળામાં દુઃખાવો થવો. ખોરાક/પ્રવાહી ગળવામાં તકલીફ થવી. ગળા બહારના ભાગમાં ગાંઠ દેખાય.

કારણો :- તંબાકુનું સેવન, દારુનું સેવન..

## કેન્સરની સારવારની વિવિધ પધ્ધતિઓ.

### -: શસ્ત્રક્રિયા :-

ગાંઠ અથવા કેન્સર ગ્રસ્ત ભાગને શસ્ત્રક્રિયા દ્વારા દૂર કરવામાં આવે છે.

લસિકાગ્રંથીઓ જો કેન્સરગ્રસ્ત હોય તો તેને પણ શસ્ત્રક્રિયા દ્વારા દૂર કરવામાં આવે છે.

કેન્સરના ગાંઠનું સ્થાન, માપ, અવસ્થા અને ફેલાવા ઉપર શસ્ત્રક્રિયા આધાર રાખે છે.

કીમોથેરાપી

સામાન્ય રીતે આ સારવારનો દર્દીઓમાં એક પ્રકારનો ગભરાટ જોવા મળે છે. પરંતુ આ સારવાર કેન્સરના નિવારણ તથા ફેલાવો અટકાવવા માટે અતિ આવશ્યક સારવાર છે.

શસ્ત્રક્રિયા પહેલા અથવા બાદમાં આ સારવાર આપવામાં આવે છે. આ સારવારથી કેન્સરના કોષો નાશ પામે છે અને ફેલાવો થતો અટકે છે. આ સારવાર ગોળી અથવા ઇન્જેકશન સ્વરૂપે આપવામાં આવે છે. આ સારવારની આડઅસર સ્વરૂપે સારવાર દરમ્યાન દર્દીઓમાં ઝાડા-ઉલ્ટી થવા, વજનમાં ઘટાડો થવો. માથાના વાળ ઉતરવા. શ્વેતકણ તથા રકતકણ ઘટી જવા, તાવ આવવો વિ. લક્ષણો જોવા મળે છે.

આધુનિક સંશોધનને કારણે હાલમાં આપવામાં આવતી કીમોથેરાપી સારવારમાં ખૂબ ઓછી આડ-અસરો જોવા મળે છે. સારવાર પૂર્ણ થયા બાદ ટૂંક જ સમયમાં દર્દી પોતાની પુનઃ સ્થિતિ પ્રાપ્ત કરીને રોજ-બરોજની ક્રિયાઓ સરળ રીતે કરી શકે છે.

રેડીએશન :-

આ સારવારમાં હાઇ-એનર્જી એકસ-રે દ્વારા કેન્સરના કોષોને નષ્ટ કરવામાં આવે છે. આ સારવાર શસ્ત્રક્રિયા પહેલા અથવા બાદમાં અથવા કયારેક ફકત આ સારવાર જ આપવામાં આવે છે. આ સારવારમાં પણ ચકકર આવવા, કેન્સરગ્રસ્ત ભાગમાં સોજો આવવો. ચામડીના રંગમાં ફેરફાર થવો. ચામડી દાઝી જવી વિ. આડ અસરો જોવા મળે છે. પરંતુ સારવાર પુર્ણ થયા બાદ ટુંક સમયમાં યથાવત થઇ જાય છે. આધુનિક સંશોધનને કારણે રેડીએશનના આધુનિક મશીનો ની મદદથી હાલના સમયમાં આડ અસરો ખૂબ ઓછી થાય છે..

**હોર્મોન્સ થેરેપી**

કેન્સરને ફરીથી થતું અટકાવવા માટે આ સારવાર કરવામાં આવે છે. મુખ્યત્વે સ્તન કેન્સરમાં આ સારવાર આપવામાં આવે છે. આ સારવાર મુખ્યત્વે મેડીસીન્સ (ગોળી/ટેબલેટસ અથવા ઇન્જેકશન) સ્વરૂપે આપવામાં આવે છે.

**કેન્સરથી બચવા માટે શું કરવું ?**

**આટલું કરો...**

રોજીંદા ખોરાકમાં નિયમિત શાકભાજી અને ફળોનો વધુ ઉપયોગ કરવો. રેસાયુકત ખોરાક, દૂધ અને દૂધની બનાવટો વિ. વધુ લેવાની આદત કેળવવી. દિવસ દરમિયાન ૬-૮ ગ્લાસથી વધારે પાણી પીવાની આદત રાખવી.

**આટલું ન કરો...**

માંસાહારી ખોરાકનો ત્યાગ કરવો.

રોજીંદા ખોરાકમાં તીખા તળેલા ચરબીયુકત તથા વધુ ખાંડવાળો ખોરાકનો ઉપયોગ ખુબ જ ઓછો કરવો અને પ્રીઝરવેટીવઝ ખોરાક ત્યજવો. ધુમ્રપાન, દારૂનું સેવન ટાળવું. આરામદાયક જીવનશૈલીનો ત્યાગ કરવો.

**રોગનું નિવારણ એ સારવાર કરતાં વધુ સારું હોય છે.**

## કેન્સર વિષે જાણવા જેવી બાબતો

ભારતમાં દર વર્ષે ૮ લાખ કેન્સરના નવા દર્દીઓ જોવા મળે છે. આપણાં દેશમાં દર વર્ષે ૫.૫ લાખ દર્દીઓ કેન્સરથી મૃત્યુ પામે છે. કેન્સર થવાના કારણોથી દૂર રહેવાથી કેન્સરથી બચી શકાય છે. શીઘ્ર નિદાન અને પ્રાથમિક અવસ્થાના કેન્સરની સારવારમાં સફળતા મળે છે. કેન્સરની અંતિમ અવસ્થાએ નાણાંકીય અને શારીરિક તથા માનસિક તકલીફોનો સામનો કરવો પડે છે.

## કેન્સરના દરદીની મુલાકાત સમયની સાવચેતી

હળવુ વાતાવરણ રાખવું. દર્દીના કપડાં કે અન્ય સાધનો અલગ ન રાખવા. કેન્સર ચેપી રોગ નથી.

માનસિક આશ્વાસન આપવું. દર્દીની સામે અન્ય કેન્સરના દર્દીઓના મૃત્યુની ચર્ચા કરવી નહીં. ડૉકટરની ચાલુ સારવારમાં અવિશ્વાસ પ્રગટ કરવો અથવા પોતાના સલાહ સુચનથી દુર રહેવું. દર્દી પ્રત્યે વધુ પડતી લાગણી પ્રગટાવી અન્ય વ્યકિતના દાખલા આપી દર્દીની માનસિકતામાં વધારો કરવાથી દૂર રહેવું.

## કેન્સર વિષેની માન્યતાઓ

કિશનભાઇ એ. પંચોલી
સંખેડા

**-: માન્યતાઓ :-**

(૧) ચેપી રોગ છે.

(૨) અસાધ્ય રોગ છે.

(૩) કિમો થેરાપીથી શરીરમાં લાય બળે છે. તથા ઘણી બધી આડઅસર થાય છે.

(૪) રેડીએશનથી (શેકથી) બધુ જ બળી જાય છે અને બીજા અંગોને કાયમી નુકશાન થાય છે ?

(૫) કેન્સરની સારવાર ખર્ચાળ છે ?

**-: વાસ્તવિકતાઓ :-**

(૧) ચેપી રોગ નથી વારસાગત હોઇ શકે..

(૨) વહેલું નિદાન વહેલી સારવાર કેન્સર મટાડી શકે છે.

(૩) આધુનિક દવાઓથી ઓછામાં ઓછી આડઅસરો થાય છે.

(૪) આધુનિક લિનીયર એકસેલરેટર મશીનથી માત્ર કેન્સરની ગાંઠ ઉપર જ રેડીએશન અપાય છે જેથી બીજા અંગોને કાયમી નુકશાન નથી થયું.

(૫) ઘણી હોસ્પિટલમાં ‘મા અમૃતમય કાર્ડ હોય તો બે લાખ રૂપિયા સુધી ગુજરાત સરકાર મફત સારવાર આપે છે.

કેન્સર ૮૦ જાતના હોઇ શકે. જેમાં મુખ્ય મોઢાનું, ફેફસાનું, સ્તનનું, ગર્ભાશયના મુખનું, ગર્ભાશયનું, ગુદાનું, પુરૂષોને પ્રોસ્ટેટ કેન્સર, મુત્રમાર્ગ કે પેશાબની કોથળીનું, અન્ન નળીનું વિગેરે વિગેરેનું જેમાં લક્ષણો જુદા જુદા હોય શકે અને તે માટે રોગ પ્રમાટે ટેસ્ટ કરાવવા ખાસ જરૂરી છે...

કેન્સરના દર્દીએ રાખવાની કાળજી :- દવા કરતા દ્રઢ મનોબળ હોવું જરૂરી છે. રોગ ચોકકસ મટશે જ એવો વિશ્વાસ રાખવો.

ખોરાકમાં દુધ, ફળ અને શાકભાજીના જયુસ, દેસી ઘીનો શીરો, અને નરમ ખોરાક ભરપેટ ખાવુ જોઇએ. કારણ ટ્રીટમેન્ટ દરમિયાન વજન અને હિમોગ્લોબીન ઘટવું કે વધવું ન જોઇએ એની ખાસ કાળજી લેવી. અઠવાડીએ બે વાર વજન કરાવવું.

કોટનના ખુલ્લા કપડાં પહેરવા.

રેડિએશન દરમિયાન મોઢા અને ગળાનો ભાગ લાલાશ કે કાળાશ પડતો થાય તો ગભરાવવું નહીં.

સાબુ, તેલ, ક્રીમ કે દવા લગાવવી નહીં. શેકની જગ્યાએ નહાતી વખતે ઘસવું નહીં.

તીખો અને તળેલો ખોરાક ખાવો નહીં. દુધ છાસ ઇંડા સોયાબીન લઇ શકાય.

શેક ચાલતો હોય ત્યારે હલવું નહીં, થુંક ગળવું નહીં અને જીભ હલાવવા પ્રયત્ન કરવો. એનાથી શેક બીજી જગ્યાએ લાગશે અને તેની આડઅસર થઇ શકે છે.

દરરોજ ૩ થી ૪ લીટર પાણી પીવું.

સાબુ અને સ્વચ્છ પાણીથી હાથ ધોઇને સાફ રાખવા અને ઉકાળેલા પાણીથી કોગળાં કરી મો સાફ રાખવું.

કુદરતી હવા-ઉજાશ વાળા વાતાવરણમાં રહેવું. હરતાં ફરતાં રહેવું, થાકી ના જવાય એટલો શ્રમ લાભકારક છે.

કબજીયાત રહેતા સાદો જુલાબ લઇ શકાય.

મોઢું આવે, તાવ કે ઝાડા થાય, શરીરના કોઇ ભાગની અંદરથી લોહી પડે તો તુરંત ડોકટરનો સંપર્ક કરવો.

નવયુગ શુભચિંતક શ્રી જીતેન્દ્ર નગીનભાઇ મિસ્ત્રી મુંબઇ સ્વ. કમલનયન નરોત્તમદાસ મિસ્ત્રી મુંબઇ

**ગુજરાત સરકાર દ્વારા 'મા /મા વાત્સલ્ય યોજના' અંતર્ગત ૨ લાખ રૂ.ની સારવાર માટેનું કાર્ડ કઢાવવા નીચે મુજબની કાર્ય વાહી કરવી.**

૧,૨૦,૦૦૦ કરતા ઓછી આવકનો દાખલો મામલતદારશ્રીની કચેરીએથી કઢાવવો, ચુંટણીકાર્ડ, આધાર કાર્ડની ઝેરોક્ષ કોપી C.H.C. હોસ્પિટલ અથવા A.T.V.T. (વાઈબ્રન્ટ તાલુકો) સેન્ટરેથી ઉપરોકત કાર્ડ મેળવી શકાય છે., ઉપરોકત સારવાર માટેના કાર્ડને લગતાં કોઈપણ પ્રશ્નો માટે ટોલ ફ્રી નંબર 1800 233 1022 નો સંપર્ક કરવો.

મારે હમણાં અન્નનળીના કેન્સરનું નિદાન થતાં વડોદરામાં આવેલ હિમાલયા કેન્સર એન્ડ રીસર્ચ હોસ્પિટલમાં સારવાર લીધી છે અને સફળતા મળી છે... ઉપરોકત હોસ્પિટલમાં ઓછા ખર્ચમાં અને અદ્યતન મશીનરીઓ દ્વારા કેન્સરની સારવાર કરે છે. અહીં કેશલેશ સારવાર યોજના R.S.B.Y. વીમા યોજના નો લાભ પણ મળે છે. સરકારી અર્ધસરકારી કર્મચારી, પેન્સનર માટે પણ માન્યતા ધરાવે છે. હોસ્પિટલની સ્વચ્છતાં, ઉમદા સ્વભાવના કર્મચારી ગણ, અને ડોકટરની અંગત કાળજી પ્રસંશાને પાત્ર છે... નવયુગના પેજ નંબર ૩ પર હોસ્પિટલની સંપૂર્ણ વિગતો અને સરનામું પણ આપ્યું છે... રોગની જાણ થાય દ્રઢ મનોબળ સાથેની સારવાર કેન્સરનો રોગ કેન્સલ નહી....

ઉષાબેન જે. મિસ્ત્રી
નવસારી

# Safar to Suffer

લાંબા સમયથી જમણી છાતીમાં કડક ગાંઠ જેવું જણાયું.. પરંતુ કાર્યની વ્યસ્તતા અને નોકરીને લીધે તપાસ કરાવવા જવાતુ ન હતું. દિવાળીના કામકાજથી પરવારી ડોકટરને બતાવ્યું.. અને ડોકટરને શંકાસ્પદ લાગ્યું. બ્લડ-યુરીનના ટેસ્ટ અને ગાંઠની બાયોપ્સી કરાવી.. અને રીપોર્ટ માં કેન્સરની ગાંઠ છે.. એવું નિદાન થયું...

રીપોર્ટ પોઝેટીવ આવતા જાણે વીજળી પડી... ખુબ જ આધાત લાગ્યો.. આમારા ફેમીલીમાં કોઈને નહીં અને મને જ કેમ ? સ્તન કઢાવવું પડશે.. ખૂબ રડી.. હિંમત પણ હારી ગઈ... અને લોકો કહે કેન્સર એટલે કેન્સલ... ભાગ્યે જ કોઈ બચે.. ડોકટરે કહ્યું હવે આધુનિક સારવારથી રોગ સંપૂર્ણ મટી શકે છે.. ડરવાની જરૂર નથી.. હિંમત રાખો બધુ સારુ જ થશે..

ડો. ભૂપેન્દ્રભાઈ પંચોલી(મુંબઈ) અને ડો. મહેશભાઈ મિસ્ત્રી (અંકલેશ્વર)ને રીપોર્ટ બતાવ્યા અને તેમણે પણ ઓપરેશનની સલાહ આપી.. અને હિંમત અને ભગવાન પર ભરોષો રાખીને ઓપરેશન કરાવ્યું, એક સ્તન કાઢી નાંખ્યું. ઘેનની અસરો પુરી થતાં ખૂબ દુઃખાવો થતો હતો... શરીરનું એક અંગ કપાઈ ગયું તેનું દુઃખ, હવે શું થશે એની ચિંતા, ઘરની ચિંતા અને નોકરીની ચિંતા..

અઠવાડિયા બાદ ઘરે આવ્યા. દુધ, દહીં, ઘી. અને સુપનો બરાબર મારો ચલાવ્યો. પરિસ્થિતિનો સ્વીકાર કરી અને દ્રઢ મનોબળ રાખી સારા થવાનું જ મહત્વ હતું...ડઝનબંધ દવાઓ, ઈન્જેકશનો પણ...

મહિના બાદ ઘા રુઝાતા કીમો ચાલુ થઈ. પહેલી કીમોથી જ વાળ ઉતરી ગયા, સ્કીન અને નખ કાળા પડી ગયાં. ડોકટરે કહ્યું કીમો પતશે એટલે ફરી પાછા હતા એવા થઈ જશો..

થોડા વખતમાં હું ધીરે ધીરે સારી થઈ ગઈ વાળ પણ આવવા લાગ્યા કાળી પડેલ ચામડી અને નખ પણ ધીરે ધીરે મુળ સ્થિતિ પર આવવા માંડયા હતાં.... સંપૂર્ણ સ્વસ્થ થતાં સર્વિસ પણ શરૂ કરી...

પ્રભુનો આભાર માનો કે કેન્સરનું નિદાન વહેલું થઈ ગયું... આ લખી રહી છું ત્યારે હું સંપૂર્ણ સ્વસ્થ છું...બીજા દર્દીઓને જોતા જ એમ લાગે કે આપણે તો ધણા સારા છીએ... ફકત થોડા થોડા સમયે ચેકઅપ કરાવવું પડે છે.. પોઝીટીવ થીંકીંગ એજ સારા થવાનો ઈલાજ છે....

**નોંધ :-** કેન્સર અંગેની માહિતિ 'સંવેદના ને સથવારે' આનંદ હોસ્પિટલ-સુરત શ્રીમતિ રેણું ચૌધરી ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત થયેલ બુકમાંથી એકત્ર કરેલ છે.... આભાર

**અભિનવ પૂર્તિ :-** કેન્સર વિષેશાંકને અનુલક્ષીને અભિનવ પૂર્તિ પ્રકાશિત કરી શકયા નથી... વાંચકો મિત્રોને પડેલ તકલીફ બદલ ક્ષમાયાચના

**અભિનવ પૂર્તિ અભિપ્રાયોઃ-**

બાપુની લાકડી હાસ્ય લેખ ખૂબ જ ગમ્યો. હાલની પરિસ્થિતિમાં બાપુ જીવીત હોત તો લાકડીને બદલે મશીનગન ઉઠાવવી પડી હોત.. અધુરી વાર્તા દરેક અંકમાં પ્રકાશિત કરશો.. પ્રતિક પંચોલી-સુરત

તેરે બીના ભી કયા જીના લેખ ગમ્યો... પાંપણ ભીની કરી ગયો... નિર્મળાબેન જીતેન્દ્રભાઈ આરીવાલા-સુરત

તેરે બીના ભી કયા જીના લેખ ગમ્યો... હૃદય દ્રાવક રહ્યો..થીજેલા આંસુ વાર્તા ખુબ ગમી.. પલ્લવીબેન જીતેન્દ્ર મિસ્ત્રી-અમદાવાદ

તેરે બીના ભી કયા જીના લેખ ગમ્યો... હૃદય દ્રાવક રહ્યો.. પૂ. ગાંધીબાપૂની અહિંસક નિતિ વિરુદ્ધનો લેખ ન ગમ્યો

ગીતાબેન ગાંધી-વ્યારા

## પંચોલી સેવા સમાજ મહામંડળ
# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના

**આ યોજનાનો હેતું :-** સદર યોજનાના સભ્યના અણધાર્યા અવસાન સમયે કુટુંબને જે આર્થિક આપત્તિ આવી પડે છે તેમાં સહાયરૂપ થવું.

**સભ્યપદ :-** ❖ સદર યોજનામાં ૪૦ વર્ષ સુધી વાર્ષિક ફાળો ભરવાનો રહેશે. ત્યારબાદ મૃત્યુ સુધી સભ્યપદ ચાલુ રહેશે. મૃત્યુબાદ જ વારસદારને રકમ ચુકવવામાં આવશે. ❖ પંચોલી જ્ઞાતિ સમાજના ૫ થી ૫૦ વર્ષની ઉંમરના કોઈપણ સ્ત્રી કે પુરૂષ સદર યોજનાના સભ્ય થઇ શકશે. ❖ ઉંમરના પુરાવા માટે જન્મ તારીખનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા આ બન્ને ઉપલબ્ધ ન હોય તો એફીડેવીટ સ્વીકારવામાં આવશે.

**વાર્ષિક ફાળો :-** ❖ દર વર્ષે એપ્રિલ માસમાં પંચોલી નવયુગના અંકમાં આગલા વર્ષના મૃત્યુ પ્રમાણે ભરવાની રકમ જાહેર કરવામાં આવશે. કોઈપણ ૧ થી ૪ વ્યકિતના મરણ થાય તો ઓછામાં ઓછા રૂા. ૧૦૦ વાર્ષિક ફાળો ભરવાનો રહેશે. ❖ મૃત્યુ દર પાંચ કે તેની ઉપર થતા મૃત્યુ દીઠ રૂા. ૨૫ પ્રમાણે વાર્ષિક ફાળો આપવાનો રહેશે. દા.ત. : ૭ મરણ થાય તો ૭ × ૨૫ = ૧૭૫ આપવાના થાય. મૃત્યુદીઠ રૂા. ૨૫ માંથી રૂા. ૨૦/- સભ્યની સહાયમાં વપરાશે તથા રૂા. ૫/- સ્થાયીફંડમાં જમા થશે.

**આ વર્ષે વાર્ષિક ફાળો સભ્ય દીઠ રૂા. ૧૫૦/- ભરવાના રહેશે જેની નોંધ લેવી.**

**❖ વાર્ષિક ફાળાની રકમ દર વર્ષે ૩૧ મે સુધીમાં જમા કરાવવાની રહેશે. જુન માસમાં રૂા. ૧૦/- લેઈટ ફી તથા જુલાઈ માસમાં રૂા. ૨૦/- લેઈટ ફી વધારાના આપવાના રહેશે. તા. ૩૧ જુલાઈ સુધીમાં વાર્ષિક ફાળો ન જમા કરાવનારનું સભ્યપદ રદ કરવામાં આવશે.**

❖ સભ્યના અવસાન સમયે સભ્યોની સંખ્યાના ગુણાંકમાં રૂા. ૨૦/-પ્રમાણે સહાય આપવામાં આવશે. દા.ત. ૧,૪૦૦ સભ્યો હોય તો ૨૮,૦૦૦ સહાય મળશે. ❖ અકસ્માતથી મરણ થતા સમાજ સુરક્ષા યોજનાની સહાય ઉપરાંત અકસ્માત વિમાની રકમનો લાભ પણ મળશે.

**❖ હૃદયના વાલ્વની બિમારી, કિડનીની બિમારી, કેન્સર, બાયપાસ કરેલ દર્દી, એઈડ્સ્ કે અન્ય ગંભીર બિમારીથી પીડાતી વ્યકિત આ યોજનામાં જોડાઈ શકશે નહી. નવા જોડાનાર સભ્યએ અરજીપત્રકમાં છેલ્લા ૨ વર્ષથી કોઈ ગંભીર બિમારીમાં પડયા નથી તેની જાહેરાત કરવાની રહેશે. ખોટી માહિતી આપનારને યોજનાનો લાભ મળશે નહી.**

**આંતરજ્ઞાતિય લગ્ન કરનાર સ્ત્રી સભ્યનું સભ્યપદ રદ કરવામાં આવશે. તેના ફકત વાર્ષિક ફાળાની રકમ વાલીની અરજી આવ્યેથી તેમને પરત કરવામાં આવશે.**

આથી સમાજ સુરક્ષા યોજના ના સર્વે સભ્યોને જણાવવાનું કે, **સને ૨૦૧૫-૧૬ ના વર્ષની વાર્ષિક ફાળાની રકમ રૂા-૧૫૦.૦૦(સભ્ય દીઠ) તા.૧.૪.૨૦૧૬ થી તા.૩૧.૫.૨૦૧૬ દરમ્યાન સમાજ સુરક્ષા યોજનાના મંત્રી શ્રી નવિનભાઈ સી. પંચોલી ને નીચે જણાવેલ સરનામા પર ફકત રોકડા અથવા 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C સમાજ સુરક્ષા યોજના' ના નામ નો ફકત રાષ્ટ્રીયકૃત બેંકના ડિમાન્ડ ડ્રાફ્ટ થી મોકલવા વિનંતી છે. સભ્યશ્રીઓ એ પોતાનો સભ્ય નંબર અવશ્ય જણાવવો. કુટુંબદીઠ એક જ રસીદ બનાવવામાં આવતી હોવાથી ફાળાની રકમ કુટુંબદીઠ મોકલવા વિનંતી છે.** સાથે સમાજના આ યોજનામાં જોડાવવા માટે બાકી રહેલ જ્ઞાતિજનો ને વિનંતી કરવામાં આવે છે કે, આ સાથે ફોર્મ સામેલ છે તો તમો પણ આ યોજનામાં જોડાય સમાજ સેવાના આ ભગીરથ કાર્યમાં સહભાગી થવા વિનંતી કરવામાં આવે છે. દરેક એકમના પ્રમુખશ્રીઓ તથા મંત્રીશ્રીઓને પણ વિનંતી કરવામાં આવે છે કે આપના એકમના જે જ્ઞાતિજનો આ યોજનામાં જોડાવાના બાકી છે તેવા જ્ઞાતિજનો ને આ યોજનામાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવા વિનંતી છે.

વધુમાં આ યોજના હેઠળ આજીવન સભ્ય તરીકે જોડાયેલ છે. તેઓના ૨૦ વર્ષ પુરા થયેલ હોવા છતાં તે સભ્ય અમેરીકા જતા રહ્યા હોય વાર્ષિક ફાળો ભરવામાં ખોટી દલીલ કરવામાં આવે છે..તે માટે આજીવન સભ્ય સભ્યએ ૨૦ વર્ષ પછી વાર્ષિક ફાળો ભરવા બાબતે માર્ચ-૨૦૧૫ના પંચોલી નવયુગમાં સ્પષ્ટતા કરવામાં આવેલ છે. તેમ છતાં જે સભ્યો આયોજનના હેઠળ ચાલુ રહેવા ન ઇચ્છતા હોય તેમણે અરજી કરવાથી વાર્ષિક ફાળાની રકમ પરત કરવામાં આવશે જે સભ્ય ત્રણ વર્ષથી વાર્ષિક ફાળો ભરતા નથી તેઓનું બંધારણ મુજબ સભ્યપદ રદ થયેલ છે. જેથી મૃત્યુ સમયે આ યોજનાના નાણાં મેળવવા હકકદાર ગણાશે નહીં.

**નવિનભાઈ વિ. પંચોલી-અધ્યક્ષ**
**નવિનભાઈ સી. પંચોલી-મંત્રી**
**રાજેશભાઈ પી. ગાંધી-સહમંત્રી**

# પંચોલી સેવા સમાજ મહામંડળ
# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના

રજી. નં.:A/1822/ભરૂચ

નામ :

અટક નામ પિતા/પતિનું નામ

જન્મ તારીખ :........................

પત્ર વહેવારનું સરનામું........................................................................................

........................................................................................................................

........................................................................................................................

પીનકોડ..................................ફોન : (ઘર) .............................. (ઓ) ..............................

મો : .............................................................. ઈમેલ : ..............................................

અરજી વખતે કોઇ બીમારીની માહિતી..................................................................................

આ સાથે દાખલ ફી રૂા.......................+ વાર્ષિક ફાળાની રકમરૂા. ૧૫૦/-

કુલ રકમ.............................................. રોકડા/મ.ઓ./ડ્રાફ્ટ થી મોકલ્યાં છે.

મારા મૃત્યુ પછી સહાય નીચેના વારસદારને મળે તેવી વિનંતી છે.

વારસદારનું નામ :.........................................................................................................

૧. આથી હું જાહેર કરું છુ કે સભ્ય થતી વખતે મને હૃદયની બીમારી, કીડનીની બીમારી, કેન્સર,બાયપાસ, એઈડ્સ કે અન્ય ગંભીર બીમારી નથી

૨. સમાજ સુરક્ષાના પાછળ મુજબના નિયમો મેં વાંચ્યા છે. અને તે મને કબૂલ મંજૂર છે.

સભ્યની સહી...........................................

| ઉંમર | દાખલ ફી | વાર્ષિક ફાળો |
|---|---|---|
| ૫ થી ૨૦ વર્ષ સુધી | ૬૦૦ | + ૧૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૨૦ વર્ષ કે તેથી વધુ ૩૦ વર્ષ અંદર | ૮૦૦ | + ૧૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૩૦ વર્ષ કે તેથી વધુ ૪૦ વર્ષ અંદર | ૧,૨૦૦ | + ૧૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૪૦ વર્ષ કે તેથી વધુ ૪૫ વર્ષ અંદર | ૨,૦૦૦ | + ૧૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૪૫ વર્ષ કે તેથી વધુ ૫૦ વર્ષ સુધી | ૫,૦૦૦ | + ૧૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |

ઉંમરનો પૂરાવો, જન્મ તારીખનો દાખલો, સ્કુલ સર્ટીફીકેટ અથવા આ બન્ને ઉપલબ્ધ ન હોય તો એફીડેવીટ સ્વીકારવામાં આવશે.

નોંધ : ફાળાની રકમ રોકડા,M/o.અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી મોકલવી. ડ્રાફ્ટ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/c.શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના ના નામે મોકલવાના રહેશે.

## આ યોજનાની ઓફીસનું સરનામું

**અધ્યક્ષ**
**નવીનચંદ્ર વિ. પંચોલી**
કોટ, દેસાઇ ફળીયુ
વ્યારા-૩૯૪ ૬૫૦ જિ. તાપી
મો : ૯૮૭૯૩ ૫૧૦૧૦

**મંત્રી**
**શ્રી નવિનચંદ્ર ચુનીલાલ પંચોલી**
૪૫, રામકબીર નગર, સ્ટેશનરોડ,
વ્યારા-૩૯૪ ૬૫૦ જિ. તાપી
ફોન : ૦૨૬૨૬ - ૨૨૨૪૭૨ મો. ૦૯૯૯૮૭ ૭૮૦૮૯

**સહમંત્રી**
**રાજેશભાઈ પી. ગાંધી**
મહાદેવનગર, હરીનગર-૨
ની પાછળ, ઉધના, સુરત
મો : ૯૮૨૫૨ ૧૩૦૯૨

**જરૂર પડેથી અરજીપત્રકની ઝેરોક્ષ કઢાવી શકાશે.**

**દેના બેંક એકાઉન્ટ નંબર - 120110024122**

# ચારો ઔર હૈ ચોર

પલ્લવી જીતેંદ્ર મિસ્ત્રી.

ગુડ ઇવનિંગ શ્રોતા મિત્રો,

આજે આપણા સ્ટુડિયોમાં એક એવી નામાંકિત હસ્તી ઉપસ્થિત છે કે જેમને ચોરી કરવાના એટલે કે 'ચૌર્યક્ષેત્રે' જિલ્લાકક્ષા, રાજ્યકક્ષા અને રાષ્ટ્રીયકક્ષા'–એમ ત્રણ ત્રણ કક્ષાના એવોર્ડ્સ એનાયત થઈ ચૂક્યા છે. અને હવે આંતર -રાષ્ટ્રીય ક્ષેત્રે પણ એમને એવોર્ડ મળે એવી સંભાવના છે. આવા પ્રસિદ્ધ ચોર મહાશય શ્રી કાલિદાસભાઈ આપણા સ્ટુડિયોમાં ઉપસ્થિત થયા છે. કાલિદાસભાઈ અમારા સ્ટુડિયોમાં આપનું હાર્દિક સ્વાગત છે.

-ભાઈ ? અપુનકો ભાઈ–બાઈ મત કહેના. કાલિદાસ બોલો, કાલિયા બોલો, કલ્લુ બોલો યા કાનકટ્ટી બોલો પર ભાઈ નહીં બુલાનેકા સમજે ?

'ઔર કુછ ભી કહ લીજીયે, પર મુઝે ભાઈ મત કહેના,
સારે રીશ્તે નાતે જુઠે હૈ, ઉસકા બોજ અબ નહીં સહેના.'

–અરે વાહ! તમે તો સરસ શાયરી પણ કરી જાણો છો ને કંઈ, કાલિદાસભાઈ.

-વાપસ ભાઈ ?

-સોરી સોરી ! કાલિદાસજી, પણ તમે અમારા શ્રોતા જનોને એ જણાવશો કે તમને ભાઈ શબ્દથી આટલી નફરત કેમ છે ?

-બાત યે હૈ કી, ગાય અપને ઘાસસે ઔર શિકારી અપને શિકારસે દોસ્તી કરેગા તો ખાયેગા ક્યા? ઉસી તરહસે હમ કીસીકે ભાઈ – ચાચા – મામા બનેગા તો ચોરી કીસ કે ઘર કરેગા?

-ડાકા કિધર ડાલેગા?

-બાત તો બિલકુલ સહી કહી આપને કલ્લુજી, તમે તમારા ભવ્ય ભૂતકાળ વિશે અમારા શ્રોતા જનોને કંઈ કહેશો?

-સ્યોર, યે તબ કી બાત હૈ જબ મૈંને ઈસ ચોરીકી દુનિયામેં કદમ નહીં રખ્ખા થા. મૈં તબ કોલેજ મેં પઢતા થા.

-અચ્છા ! તમે કોલેજમાં પણ જતા હતા?

-હાં, મૈં સિર્ફ કોલેજ જાતા હી નહીં થા, મગર સિન્સિયરલી પઢતા ભી થા. જબ મૈં લાસ્ટ ઈયરમેં થા, તબ એક સુંદર લડકીને કોલેજમેં એડમિશન લી. ઈત્તફાકસે ઉસને મેરે ક્લાસમેં હી એડમિશન લી, યૂં કહીએ ઉસને મેરી જિંદગીમેં એડમિશન લી. મેં દિલો જાનસે ઉસે પ્યાર કરને લગા, ઉસ પર મરને લગા, ઔર ઢેર સારી શાયરીયાં ભી લીખી.

-તમે એની સામે તમારા પ્યારનો એકરાર કેવી રીતે કર્યો?

-મૈંને એક દિન જબ વો અકેલી કોલેજકે ગાર્ડનમેં બૈઠી થી તબ મેરી શાયરીકી ડાયરી ઔર લવલેટર ઉસ કો દિયા.

-વેરી ગુડ, તમે હિમંતવાન નીકળ્યા. પછી એણે તમારા પ્યારનો સ્વીકાર કર્યો ખરો? કેવી રીતે કર્યો?

-ઉસને મેરે સામને હી ઉસ ડાયરી કે પન્ને પન્ને ફાડકર ફેંક દિયે, દિલકે અરમાં આંસુઓમેં બહ ગયે.

-ઓહ1 અરરરર. ઘણા દુ:ખની વાત છે.

-હાં, દુખકી બાત તો હૈ, કાગઝ બનાનેકે લિયે હમ કીતને સારે પેડ કાટતે હૈં, બાગ ઉજાડતે હૈં, ઔર ઉસ જાલિમ કો ઇસ બાતકી કોઈ તમા તક નહીં.

-આપ તો 'પર્યાવરણ વાદી'પણ લાગો છો, કાલિદાસજી.

-મૈં તો બસ અબ 'ફરિયાદી' બનકર રહ ગયા હું. ઉસ માશૂકાને કિસી પહેલવાનસે શાદી કર લી. ચાંદીકી દિવાર ન તોડી પ્યાર ભરા દિલ તોડ દિયા.

-અમારી સૌની સહાનુભૂતિ તમારી સાથે છે. પણ અમને એ ન સમજાયું કે તમે એજ્યુકેટેડ પર્સન થઈને ચોરીને રવાડે કેમ ચઢી ગયા?

-મેરી માશૂકાને કોલેજ કે પ્રીન્સીપલકો મેરા લવલેટર દીખાકર મેરી ફરિયાદ કી, ઉસકે રઈસ બાપને મુઝે કોલેજસે રસ્ટીકેટ કરવાયા, ઉતના હી નહીં ઉસ કે આવારા ભાઈને મેરી જમ કે પીટાઈ કી ઔર પુલીસ થાનેમેં મતલબ જેલમેં દો દિન બંધ કરવાયા.

-અરેરે ! બહુ જ કરુણ વાત.પછી શું થયું?

-ફિર ક્યા જેલમેં એક નેક બંદે સે મુલાકાત હુઈ, ઉસને મુજે ગલે લગાયા, મૈં ઉસ કા શાગિર્દ બન ગયા, ઉસ ને મુજે અપની કલા શીખાઈ, ઔર મૈં ઇસ ચોરીકે કામ મેં માહિર બન ગયા.

-પછી કોઈવાર કોલેજ ગયા કે નહીં? તમારી માશૂકાને મળ્યા કે નહીં?

-નહીં, મૈને તય કર લિયા થા કી ઐસી લડકી સે ક્યા મિલના જીસ કે દિલમેં મેરે લિયે પ્યાર તો નહીં, પર

ઈન્સાનીયત કે નાતે રહમ ભી નહીં. પર હાં, ઇક દિન મૈં એક બડે સે મોલમેં ચોરીકે ઈરાદેસે ગયા થા. વહાં એક મોટીસી ઔરતને અપને હટ્ટે કટ્ટે હસબન્ડકો પબ્લિક મેં જો ડાંટા – જો ડાંટા, ઔર વોહ પહેલવાન ભી 'મિયાંકી મીંદડી' બનકે ખડા થા, દેખકર સબકો રહમ આ રહા થા. ફિર ધ્યાનસે દેખા તો વો મેરી માશૂકા હી થી જો અપને પતિ કો ડાંટ રહી થી. .

-એ જોઈને તમને તો લાગ્યું હશે કે 'બચી ગયો' નહીં?

-મુજે એક જોક યાદ આયા, બતાઉં?

-હા, હા. જરૂર કહો.

-પતિ: તુજસે શાદી કરનેકા એક ફાયદા મુજે જરૂર હુવા.

પત્ની: વો ક્યા?

પતિ: મુજે અપને કિયેકી સજા યહાં જીતે જી મીલ ગઈ.

-અરે વાહ કાલિદાસજી, તમે તો સાહિત્યમાં રસ ધરાવતા લાગો છો. રમૂજ પણ સારી કરી જાણો છો. ચોરીની બાબતમાં તમારું મંતવ્ય જણાવશો?

-ચોરી એક વિનિમય હૈ. બીના કિમત ચુકાયે, યા બીના ઇજાજત લીયે ચીજ ઉઠા લેનેકા ! બસ, ઔર કુછ નહીં.

-પણ આમ કરીને તમે કાયદાનો ભંગ કરો છો, ચોર મહાશયજી.

-કાયદા અંધા હૈ, કાયદા ગધા હૈ. કાયદા – કાનૂન કો કૌન માનતા હૈ? લોગ કહેતે હૈં કી 'કાનૂન કે હાથ લંબે હોતે હૈં' પર મૈં કહતા હું કી 'કાનૂન કો દિમાગ હી નહીં હૈ.'

-કાયદા વિશે તમારે આવું ન બોલવું જોઈએ, કલ્લુજી. શું તમને ચોરી કરવા બદલ ક્યારેય અફસોસ એટલે કે **GUILT** ની લાગણી નથી થઈ?

-**Guilt my Foot!** ચોરી કરનેમેં શરમ કૈસી? બચપનમેં ગાંધીજી ને અપને ઘરમેં હી કડેમેંસે સોના ચુરાકર ચોરી કી, ફિર બડે હોકર દાંડીસે નમક ચુરાયા. શ્રીકૃષ્ણને બચપનમેં માખન ચુરાયા, ફિર રાધાકા દિલ ચુરાયા. આપ ગાંધીજીકો 'મહાત્મા' ઔર કૃષ્ણકો 'ભગવાન' કહેતે હો. યહી ઇસ બાત કા સબૂત હૈ કી, 'ચોરી કરના બૂરી બાત નહીં હૈ.'

-તમારી દલીલમાં વજૂદ છે, છતાં પણ....

-દેખીયે, ચોરી કરનેકી ઈચ્છા તો હર ઇંસાનમેં હોતી હૈ. બડે બડે રઈસજાદે ભી ફાઈવસ્ટાર હોટલમેં હજારો રૂપિયેકા બીલ પે કરનેકે ઔર વેઈટરકો પાંચસો – હજાર રૂપિયે ટીપ દેનેકે બાવજૂદ ભી વહાંસે છુરી, ચમ્મચ, કાંટે, સાબુન, ટુથબ્રશ, તૌલિયા, સ્લીપર્સ જૈસી ચીજેં ચુરાતે હૈં. ઉસમેં ચોરીકી ભાવના કમ ઔર મજે લૂટનેકી ભાવના જ્યાદા હોતી હૈ. અબ આપ હી બતાઈએ, ક્યા આપને કભી ચોરી નહીં કી?

-આ લાઈવ ટેલિકાસ્ટ છે. અને અહીં મારી નહીં તમારી વાત થઈ રહી છે. અચ્છા, એ કહો તમારા વ્યવસાયમાં કોઈ પધ્ધતિસરની ટ્રેનિંગની જરૂર ખરી?

-અરે હાં, ઉસકી તો બહુત જરૂર હૈ. ક્યૂં કિ ઇસમેં જરા સી ભી ગફલત કી ઔર પકડે ગયે તો 'મામૂ' માર ડાલેગા.

-મામૂ? મામૂ કોણ?

-મામૂ કો નહીં જાનતે? મામૂ માને પુલીસ. ઉસ કે હાથ લગ ગયે તો માર ખાન પડતી હૈ, કભી કભી 'સસુરાલ' (જેલ) જાના પડતા હૈ. યે કોઈ બચ્ચોંકા ખેલ નહીં હૈ, યે બાત આપ નહીં સમજોગે.

-તમે સમજાવો તો સમજીએ ને.

-અરે યે સબ સમજાનેમેં તો શામ કી સુબહ હો જાયેગી. ઔર આજ રાત કો એક અચ્છી જગહ બડા હાથ મારનેકા પ્લાન બનાયા હૈ. તો આજ આપ હમકો ક્ષમા કરે, ફિર કીસી દિન વક્ત મીલા તો બતાઉંગા.

-ઠીક છે, કાલિદાસજી. તમે તમારો કીમતી સમય આપ્યો અને તમારા ક્ષેત્રની માહિતી આપી એ બદલ તમારો ખુબ ખુબ આભાર! તમે જતા જતા કોઈ અગત્યનો સંદેશ અમારા શ્રોતાજનોને આપશો?

-મૈં તો સિર્ફ ઇતના હી કહૂંગા:

ધનચોર કોઈ, મનચોર કોઈ, કોઈ દિલદુનિયાકા ચોર,
ઇસ દુનિયામેં જહાંભી દેખો, ચારોં ઔર હૈ ચોર, ચારોં ઔર હૈ ચોર.'

અલવિદા! સલામ! ફિર મિલેંગે! બાય બાય !

આજની જોક :

જજ: પણ તેં શેઠના બંધ કોટના અંદરના ખીસામાંથી પાકીટ ચોર્યું શી રીતે?

ચોર: એ શીખવવાના હું એક હજાર રૂપિયા ફી લઉં છું.

## શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ - સુરત

# ઓચ્છવ તથા ઈનામ વિતરણ સમારંભની એક ઝલક













શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ તરફથી ઉપરોક્ત ફોટોગ્રાફ પ્રકાશન માટે રૂા. ૧૫૦૦/-પંચોલી નવયુગને ભેટ મળ્યા છે...આભાર

# સંસ્થા સમાચાર......

## શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ - સુરત
## ઓચ્છવ તથા ઈનામ વિતરણ સમારંભ




શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ સુરતનો ઓચ્છવ તથા ઈનામ વિતરણ સમારંભ તા. ૨૪.૧.૨૦૧૬ના રોજ કરવામાં આવ્યો. આ કાર્યક્રમ સ્વ. લક્ષ્મીબેન હસમુખલાલ ગજર તથા સ્વ. ઉષાબેન હિંમાશુભાઇ ગજજરના સ્મરણાર્થે હસ્તક શ્રી હિમાંશુભાઇ હસમુખલાલ ગજજર, શ્રી અનંત હિમાંશુભાઇ ગજજર તથા નેહા પંચોલી એ ફરી મુખ્ય સ્પોન્સરશીપ આપી સમાજ પ્રત્યે પોતાની લાગણી દર્શાવી. સમારંભના પ્રમુખપદે શ્રી ગીરીશચંદ્ર આઇ. ગજજર, અતિથિવિશેષ પદે શ્રી અશોકભાઇ મિસ્ત્રી(લેસ્ટર), શ્રી અનિલકુમાર મારફતિયા, શ્રી ધીરુભાઇ પંચોલી(લેસ્ટર) તથા જયોત્સનાબેન પંચોલીએ શોભાવ્યું. ઈનામ સ્પોન્સરશીપ આપનાર શ્રી અમૃતલાલ એન. મહેતા, શ્રી ભાવેશભાઇ એન. પંચોલી, શ્રી પરેશભાઇ એચ. ઝવેરી, શ્રી અશ્વિનભાઇ ચી. પંચોલી, શ્રીમતિ સુમિત્રાબેન આર. પંચોલી, શ્રી દિપકભાઇ કે પાનવાલા, શ્રીમતિ વસુંધરાબેન કે. પંચોલી, સમારંભ ફોટોગ્રાફી સ્પોન્સર શ્રી કલ્પેશભાઇ પી. આરીવાલા.

બપોરે ૪.૦૦ કલાકે શ્રીમતિ સંગીતા ગજજર તથા અમી પંચોલીએ એમ.ઓ.સી. તરીકે સમારંભની શરૂઆત શ્લોકગાનથી કરી. સ્વયંગ્રુપ સુરતના સભ્યો દ્વારા ગણેશવંદના પ્રસ્તુત કરવામાં આવી જેણે સુંદર ડાન્સ દ્વારા એક માહોલ ઉભો કરી દીધો જેને સભામાં હાજર રહેલ સૌ જ્ઞાતિજનોએ તાળીઓથી વધાવી લીધો.

શ્રીમતિ સંગીતા ગજજર અને અમી પંચોલીએ સ્ટેજ પર પંચના પ્રમુખ શ્રી મુકેશભાઇ કે. પંચોલી તથા અન્ય ઓફિસ બેરર્સને સ્ટેજ પર આમંત્રિત કર્યા. તથા શ્રી હિમાંશુભાઇ હસમુખલાલ ગજજર, શ્રી અનંત હિમાંશુભાઇ ગજજર તથા નેહા પંચોલીને સ્ટેજ પર સ્થાન લેવા વિનંતી કરી. સમારંભ ના પ્રમુખ તરીકે શ્રી ગિરીશચંદ્ર આઇ. ગજજર તથા તમામ અતિથિવિશેષશ્રીઓ તથા ઈનામ વિતરણ સ્પોન્સરર્સને સ્ટેજ પર આમંત્રિત કર્યા. સ્ટેજ પર બિરાજમાન મહાનુભાવોનું તથા હોદ્દેદારોનું પરંપરાગત ફુલના બુકેની જગ્યાએ 'કુછ મીઠા હો જાયે' એમ વિચારી મૃદુતા પંચોલીએ બનાવેલ ચોકલેટ બુકે આપી સ્વાગત કરવામાં આવ્યું.

પંચના પ્રમુખ શ્રી મુકેશભાઇએ સ્વાગત પ્રવચનમાં પોતાનું વ્યકતવ્ય રજુ કરતા કહ્યું કે પ્રમુખ સ્થાને આવ્યા બાદ આ પ્રથમ પ્રયાસ છે, અને સૌ કાર્યકર્તાઓની મહિનાની મહેનત છે. તમામ વાલીઓને અપીલ કરતા જણાવ્યું હતું કે આપ પંચમાંથી મદદ લો કે ન લો પરંતુ આપના બાળકોની માર્કસીટ પંચની ઓફિસમાં અવશ્ય જમા કરાવો, કારણ કે અમોને મળેલ માકૃસીટને આધારે જ ઈનામ આપવામાં આવે છે. આથી આપની એક આળસ આપના બાળકને ઈનામથી વંચિત ન રાખે.. વધુમાં તેઓએ છેલ્લા વર્ષોના ઈનામો માટે માર્કસીટની મેળવણી સ્ટુડન્ડ લીસ્ટ, સીલ્વર તથા ગોલ્ડન મેડલ બનાવવાની સંપૂર્ણ જવાબદારી ઉઠાવવા બદલ પ્રતિક અને મૃદુતા પંચોલી, સ્વપ્નીલ અને બીન્ની પંચોલી, નિખિલ ઝવેરીચિરાગ પંચોલી, હિરેન પંચોલી, પ્રદિપભાઇ મહેતાને અભિનંદન આપ્યા હતાં. કાર્યક્રમમાં સાથ આપવા બદલ શ્રી હેમંતભાઇ મિસ્ત્રી, કમલેશભાઇ ગજજર, ધવલભાઇ પંચોલી, મનોજભાઇ ગજજર, ઉમેશભાઇ પંચોલી, અમૃતભાઇ મહેતા તથા પાસની વહેંચણી માટે તમામ એરીયાના કાર્યકર્તાઓએ આપેલ સહકારને બિરદાવ્યો હતો. હોલ તથા પાર્ટી પ્લોટ વિના મુલ્યે મેળવી આપવા બદલ પંચના માજી પ્રમુખશ્રી હેમંતભાઈને ખાસ અભિનંદન પાઠવ્યા હતાં.

તેઓએ જણાવ્યું હતું કે પંચે સુરત પંચના સભ્યો તથા સુરતમાં રહેતા પંચોલી ભાઇઓ કે જેઓ પંચના સભ્યો નથીતેઓને પણ કોઈપણ વધુ આર્થિક ફી લીધા વિના આમંત્રિત કર્યા છે. અને સૌને અપીલ કરી હતી કે આવા આયોજન પાછળ થતા ખર્ચાને પહોંચી વળવા સૌનો આર્થિક

નવયુગ શુભચિંતક શ્રી અગમશરણ ધીરજલાલ પંચોલી રાજપીપળા શ્રી બચુભાઇ નરોત્તમદાસ પંચોલી બહાદરપુર

સાથ જરૂરી છે. અંતમાં જણાવ્યું કે મિત્રો પ્રથમ કાર્યક્રમ હોય કદાચ કશે ચુક રહી ગઇ હોય તો માત્ર સજેશન નહી પણ સજેશન સાથે સૉલ્યુશન આપશો જેથી ભવિષ્યમાં વધુ સારા પોગ્રામો કરી શકીએ...

પ્રમુખશ્રીના ટુંકા પણ ખુબ જ મુદ્દાસર વ્યકતવ્ય બાદ સમારંભના પ્રમુખશ્રી ગિરીશચંદ્ર ગજ્જરને તેઓના શુભેચ્છા સંદેશ માટે આમંત્રિત કરવામાં આવ્યા. તેઓએ ખુબ જ ટુકા વ્યકતવ્ય દરમ્યાન જણાવ્યુ કે આવા પોગ્રામો ઓછામાં ઓછા વર્ષમાં બે વાર થવા જોઇએ, ખર્ચા બાબતે તેઓએ જણાવ્યું કે સમાજના સભ્યો પાસેથી ફોરવ્હીલ દીઠ રૂા. ૫,૦૦૦/- અને ટુવ્હીલર દીઠ રૂા. ૨,૦૦૦=- ફરજીયાત લેવામાં આવે તો કોઇ પાસે ફંડ લેવાની જરૂર ન પડે. આજના આ પોગ્રામ માટે હોદ્દેદારો અને કાર્યકર્તાઓને અભિનંદન આપ્યા હતાં.

સમાજના તેજસ્વી તારલાઓના સન્માનનું પ્રથમ ચરણ શરૂ કરતા જે વિદ્યાર્થીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ તેઓને ગોલ્ડન, બીજા સ્થાને આવનારને સીલ્વર મેડલ આપી સન્માનવામાં આવ્યા. દરેક વિદ્યાર્થીના આગમન વેળા એ હોલને ગુંજતો કરી સમાજે સૌને સન્માન્યા..

ત્યારબાદ એમ.ઓ.સી.નો કાર્યભાર મૃદુતા પંચોલી અને બીન્ની પંચોલીએ સંભાળ્યો. તેઓએ જણાવ્યું કે હવે સમય છે વિશેષ સન્માનનો અને તેઓએ સૌ પ્રગમ સેવા સમાજ સુરતે વીલીનીકરણમાં આપેલ સહયોગ બદલ પ્રમુખશ્રી તથા હોદ્દેદારોના સહકારની નોંધ લેતા સેવા સમાજ સુરતના પ્રમુખશ્રી ગિરીશચંદ્ર ગજ્જરને પંચના પ્રમુખ મુકેશભાઇ પંચોલીએ મોમેન્ટો આપી સન્માન્યા.

સુરત પંચના મંત્રી તરીકે ૧૫ વર્ષ સુધી નિર્વિવાદ કામગીરી કરી નિવૃત્ત થતા મંત્રીશ્રી દક્ષયભાઇ પી. ગજ્જરને શ્રી કમલેશભાઇ ગજ્જરે મોમેન્ટો આપી બિરદાવ્યા હતાં. પંચના પ્રમુખ પદે ૧૬ વર્ષ સુધી રહી પંચને પ્રગતિને પંથે પહોંચાડી નિવૃત્તિ લેનાર શ્રી હેમંતભાઇ મિસ્ત્રીને પંચના પ્રમુખશ્રી મુકેશભાઇએ મોમેન્ટો આપી સન્માન્યા. હેમંતભાઇએ સન્માનના પ્રતિભાવ માં પોતાના સાથી એવા શ્રી દક્ષયભાઇ પી ગજ્જરને સ્ટેજ પર બોલાવ્યા હતાં. અને જણાવ્યું કતું કે મોર જેમ પોતાના પીંછાથી રળીયામણો લાગે એમ મારા ૧૬ વર્ષના કાર્યકાળ દરમ્યમા પંચના સરવૈયામાં ૪ ગુણાથી પણ વધુ વધારો થયો છે. જેમાં શ્રી અશોકભાઇ મિસ્ત્રી(લેસ્ટર) રૂા. ૧૦,૦૦,૦૦૦/-, સેવા સમાજ સુરતના રૂા. ૧૧,૫૦,૦૦૦/- અને અન્ય દાતાઓના સહકારથી મદદમાં દર વર્ષે વધારા સાથે આ શકય બન્યું, તેમણે પોતાના કાર્યકાળ દરમ્યાન તમામ હોદ્દેદારો અને કારોબારી સભ્યોએ આપેલ સહકાર અને જ્ઞાતિજનોએ મુકેલ વિશ્વાસમાં ખરા ઉતરી શકયા છીએ એમ જણાવતા આજના સન્માન બદલ સૌનો આભાર માન્યો હતો.

હરીપુરા તરફથી કોમેડી ડાન્સ રજુ કરવામાં આવ્યો. રામપુરાની બાલિકાઓએ 'બાજીરાવ મસ્તાની' ફિલ્મગીત પર ડાન્સ કર્યો હતો.

પોતાના સૅક્રેટરીયલ એનાઉન્સ દરમ્યાન શ્રી ધવલભાઇએ વર્ષ દરમ્યાન થયેલ અને કરવા ધારેલ કાર્યો અંગે વિગતવાર જાણકારી આપી હતી. શ્રી પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચની વેબસાઇટનું ફોર્મલ લૉન્ચીંગ કરવા પંચના પ્રમુખ શ્રી મુકેશભાઇ, માજી પ્રમુખ શ્રી હેમંતભાઇ, ઉપપ્રમુખ શ્રી કમલેશભાઇ, ખજાનચી શ્રી ઉમેશભાઇને સ્ટેજ પર બોલાવી પ્રથમવાર વેબ ઓન એર કરવા સભ્યો પોતાના એકાઉન્ટ જાતે ઓપરેટ કરી શકે એ મુજબની સગવડ કરવામાં આવી છે. ધવલભાઇએ વધુમાં જણાવ્યું હતું કે આજના ફોટા આપ આજે જ સાંજે વેબ પર જોઇ શકશો.. સૌએ વેબને તાળીઓથી વધાવવી લીધી હતી.

પંચના ખજાનચી ઉમેશભાઇ પંચોલીએ પ્રમુખશ્રીની પરવાનગીથી સમસ્ત પંચને ગૌરવ પ્રદાન કરનાર તથા અંગત રીતે વિશેષ સિદ્ધિઓ મેળવવા બદલ પંચના માજી પ્રમુખ શ્રી હેમંતભાઇ મિસ્ત્રીને 'ધી ઇન્સ્ટીટયુટ ઑફ સીવીલ ઍન્જીનીયર્સ ઍન્ડ આર્કિટેક' તરફથી મળેલ લાઇફટાઇમ એચીવમેન્ટ એવોર્ડ માટે શ્રીમતિ ડો. રેખાબેન મિસ્ત્રી એમ.એસ.યુની. વડોદરાથી મુળવેલ પી.એચ.ડી. બદલ, શ્રી પાર્થ મારફતીયાએ ગોવા ઇન્ટરનેશનલ ક્રિકેટ એસોસીએશનમા સ્થાન મેળવવા બદલ મેળવેલ સિદ્ધિ માટે તથા શ્રી કલ્પેશભાઇ પંચોલીએ ગુજરાત લેવલે ફોટોગ્રાફીમાં દ્વિતીય સ્થાન મેળવેલ હોય આ તમામ વ્યકિતઓએ વિવિધ ક્ષેત્રમાં સિદ્ધિ હાંસલ કરી પંચનું નામ રોશનજ કરવા બદલ સ્ટેજ પર આમંત્રિત કરી ચોકલેટ બુકેથી સન્માન્યા હતાં.

પંચના માજી પ્રમુખ શ્રી હેમંતભાઇએ આભાર દર્શન કરતા કાર્યક્રમના અર્પણકર્તા શ્રી હિમાંશુભાઇ ગજ્જર તથા ફેમીલીનો, તમામ અન્ય દાતાઓનો, પ્રમુખપદ સ્વીકારવા બદલ શ્રી ગિરીશચંદ્ર ગજ્જરનો વિના મૂલ્યે હોલ તથા પાર્ટી ગ્રાઉન્ડમેળવી આપવા માટે માજી પ્રમુખશ્રી તથા સુરત મહાનગર પાલિકાની સ્થાયી સમિતિનો. ઇનામ વિતરણની તમામ જવાબદારીઓ સફળતા પૂર્વક નિભાવનાર યુવા કાર્યકર્તાઓનો, તથા પાસ વિતરણમાં સહયોગ આપનાર તમામ કારોબારી સભ્યોનો ભોજન માટે વુડલેન્ડના મનિષભાઇ જરીવાલાનો, કાર્યક્રાના સફળ સંચાલન બદલ ચારેય એમ.ઓ.સી અને હવે પછીના કાર્યદમ બાદ સાંજે સંગીતસંધ્યાના સ્પોન્સર મુકેશભાઇ પંચોલી અને ધર્મેન્દ્રભાઇ પંચોલીનો તથા કાર્યક્રમમાં સાથ આપનાર તમાન નામી અનામી સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો.

અંતમાં સૌએ નેશનલ ઍન્થમને માન આપી અને તેનું ગાન

કરી કાર્યક્રમનો વિરામ જાહેર કર્યો હતો. ભોજન સહિત શ્રી મુકેશભાઇ અને ધર્મેન્દ્રભાઇ પંચોલી દ્વારા સ્પોન્સર સંગીત સંધ્યાના લાઇવ પોગ્રામમાં જોડાવા એમ.ઓ.સી. દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. સૌ જ્ઞાતિજનોએ હોલની બહારના પ્લોટમાં આયોજીત ભોજન અને સંગીતના કાર્યક્રમ માટે ભેગા થયા. સંગીતના સથવારે સુપ, ચાટ, ચાઇનીસ વેરાયટી સહિત અત્યંત સ-રસ ભોજનનો સ્વાદ લઇ સૌએ પોત પોતાના ગૃપમાં બેસી કાર્યક્રમ માણ્યો..

અંતમાં રાત્રે ૧૦.૧૫ કલાકે વારંવાર આવા પોગ્રામો કરવાની ભલામણ કરી આયોજકોને સુંદર અને સમયસર આયોજીત ઈનામ વિતરણ, સંગીતસંધ્યા અને ખૂબ જ સરસ ભોજન બદલ અભિનંદન આપી છુટા પડ્યા...

કાર્યક્રમ દરમ્યાન પ્રમુખશ્રી તથા હેમંતભાઇએ નાંખેલી દાનની ટહેલને સુરત પંચના સભ્યો, દાતાઓએ સુંદર પ્રતિભાવ આપ્યો..

આજના પ્રસંગે મળેલ દાનની યાદી

| | |
|---|---|
| ૩૧,૦૦૦ | શ્રી હિમાંશુભાઇ હસમુખલાલ ગજ્જર |
| ૨૧,૦૦૦ | શ્રી ગિરીશચંદ્ર ઇશ્વરલાલ ગજ્જર |
| ૧૫,૦૦૦ | શ્રી ધીરૂભાઇ પંચોલી-લેસ્ટર |
| ૧૫,૦૦૦ | શ્રી અનિલકુમાર ઉત્તમરામ મારફતિયા |
| ૧૫,૦૦૦ | શ્રી બાલકૃષ્ણ સાકેરલાલ જરીવાલા |
| ૧૫,૦૦૦ | શ્રીમતિ જ્યોત્સનાબેન ભુપેન્દ્રભાઇ પંચોલી |
| ૧૫,૦૦૦ | શ્રી કમલેશભાઇ હસમુખભાઇ ગજ્જર |
| ૧૧,૦૦૦ | શ્રી અમ્રતલાલ નરોત્તમદાસ મહેતા |
| ૧૧,૦૦૦ | શ્રી નરેન્દ્રભાઇ છબીલદાસ પંચોલી |
| ૧૧,૦૦૦ | શ્રી પરેશભાઇ હસમુખલાલ ઝવેરી |
| ૧૧,૦૦૦ | શ્રી વસુંધરાબેન કેશવલાલ પંચોલી |
| ૧૧,૦૦૦ | શ્રી અશ્વિનભાઇ સી. પંચોલી |
| ૧૧,૦૦૦ | શ્રી દિપકભાઇ કાંતિલાલ પાનવાલા |
| ૧૧,૦૦૦ | શ્રીમતિ સુમિત્રાબેન રતિલાલ પંચોલી |
| ૫,૦૦૦ | શ્રી જમીયતરામ છબીલદાસ પંચોલી |
| ૫,૦૦૦ | શ્રી નિશીકાંત ભગવાનદાસ પંચોલી |
| ૫,૦૦૦ | શ્રી રાજેન્દ્રભાઇ જેકીશનદાસ મિસ્ત્રી |
| ૫,૦૦૦ | શ્રી ઇશ્વરલાલ અમૃતલાલ પંચોલી |
| ૫,૦૦૦ | શ્રી મુરલીધર કૃષ્ણકાંત ઝવેરી |
| ૫,૦૦૦ | શ્રી મનોજભાઇ નવિનચંદ્ર ગજ્જર |
| ૫,૦૦૦ | શ્રી કૌશિકભાઇ રમણિકલાલ પચ્ચીગર |
| ૫,૦૦૦ | શ્રી અશોકભાઇ રતિલાલ મિસ્ત્રી |
| ૫,૦૦૦ | શ્રી જીગ્નેશકુમાર હીરાલાલ કાપડીયા |
| ૫,૦૦૦ | શ્રી અશ્વિનભાઇ મનહરલાલ પંચોલી |
| ૫,૦૦૦ | શ્રી ભોગીલાલ નગીનદાસ પંચોલી |
| ૫,૦૦૦ | શ્રી ઉર્વશીબેન રમેશચંદ્ર પંચોલી |
| ૫,૦૦૦ | શ્રી જનકભાઇ પરસોત્તમદાસ પંચોલી |
| ૫,૦૦૦ | શ્રીમતિ ઇલાબેન દીલીપકુમાર પંચોલી |
| ૫,૦૦૦ | શ્રીમતિ હંસાબેન રમણિકલાલ લાકડાવાલા |
| ૫,૦૦૦ | શ્રી નિલેશકુમાર નટવરલાલ કાપડિયા |
| ૨,૧૧૧ | શ્રી ભરતકુમાર શાંતિલાલ પંચોલી |
| ૨,૧૦૦ | શ્રી પ્રફુલચંદ્ર શાંતિલાલ ગજ્જર |
| ૨,૦૦૦ | શ્રી ઇશ્વરલાલ અમ્રતલાલ પંચોલી |
| ૨,૦૦૦ | શ્રી બિપીનચંદ્ર હરકીશનદાસ પંચોલી |
| ૧,૫૦૧ | શ્રી જયેશભાઇ શાહ |
| ૧,૧૧૧ | શ્રી હરીપુરા પંચોલી મહોલ્લો |
| ૧,૦૦૦ | શ્રી હેમંત અને સંજય જરીવાલા |
| ૧,૦૦૦ | શ્રી રાજેશ જયંતિલાલ જરીવાલા |
| ૧,૦૦૦ | શ્રી જનકભાઇ રમણલાલ પંચોલી |
| ૧,૦૦૦ | શ્રી જગદીશ એમ. પંચોલી |
| ૧,૦૦૧ | શ્રીમતિ ખુશમનબેન કૃષ્ણલાલ પંચોલી |
| ૧,૦૦૧ | શ્રી અનિલકુમાર બાબુભાઇ પંચોલી |
| ૫૦૧ | શ્રી નિલેશકુમાર જયંતિલાલ પંચોલી |
| ૫૦૧ | શ્રીમતિ નયનાબેન બિપીનચંદ્ર પંચોલી-વ્યારા |
| ૫૦૧ | શ્રી ચંદ્રકાંત ચંપકલાલ રૂવાલા |
| ૫૦૦ | શ્રી શ્રીકાંત ગમનલાલ પંચોલી |
| ૫૦૧ | શ્રી પ્રવિણચંદ્ર હરકીશનદાસ પંચોલી |
| ૫૦૧ | શ્રી રાજેશકુમાર રમણિકલાલ મિસ્ત્રી |
| ૫૦૧ | શ્રી ધનેશ મંગુભાઇ પંચોલી |
| ૫૦૧ | શ્રી કરૂણેશ ઉમેદરામ પંચોલી |
| ૫૦૧ | શ્રી કૌશિકકુમાર મણીલાલ છાપાવાલા |
| ૫૦૦ | શ્રી કિતર્તકુમાર ચંદુલાલ પંચોલી |
| ૫૦૦ | શ્રી યોગેશકુમાર બી. મિસ્ત્રી |
| ૨૫૧ | પિયુષભાઇ બી. પંચોલી |
| ૨૫૧ | શ્રી રાજેશભાઇ પોપટલાલ ગાંધી |
| ૨૫૦ | શ્રી જતીન રમણલાલ પંચોલી |

૨૫,૦૦૦ વિધવા સહાયમાં શ્રીમતિ ભારતીબેન, શ્રીમતિ રક્ષાબેન, શ્રીમતિ કિરણબેન તરફથી મળ્યા..

## પંચોલી સમાજ - સંખેડા

શ્રી પંચોલી સમાજ સંખેડાને નીચે મુજબનું દાન વાડીના જીર્ણોદ્ધાર માટે મળ્યું છે...

૨૫,૫૦૧/- બિપીનચંદ્ર ચંદુલાલ સંખેડાવાલા USA

૨૫,૫૦૧/- ગિરીશચંદ્ર ચંદુલાલ પંચોલી સંખેડાવાલા USA

૧૧,૦૫૧/- નરેશભાઇ જેઠાલાલ પંચોલી-ડેડીઆપાડા

૭,૦૦૧/- ઠાકોરભાઇ વી. પંચોલી તરફથી સ્વ. જેકોરબેન તથા સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઇ પંચોલીના સ્મરણાર્થે..

૫,૦૦૧/- ચેતનભાઇ વી. પંચોલી તરફથી સ્વ. જેકોરબેન તથા સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઇ પંચોલીના સ્મરણાર્થે..

૫,૦૦૧/- ગોપાળભાઇ પરસોત્તમદાસ પંચોલી-વડોદરા

૧૧,૧૧૧/- ડૉ. સૂર્યકાંત મણીલાલ પંચોલી-વડોદરા
૫૦૧/- શ્રી પદ્માકાંત મફતલાલ પંચોલી-વડોદરા
૨૫૦૧/- શ્રી અશૉકભાઇ મંગળદાસ પંચૉલી-વડોદરા
૧૦૦૦/- શ્રી નવિનચંદ્ર ચીમનલાલ પંચૉલી
૩૩૩૩/- શ્રી બાલકૃષ્ણ છોટાલાલ પંચૉલી-તેજગઢ
૧૧૦૧/- શ્રી કેતુલકુમાર મણીલાલ પંચૉલી-જાબુઘૉડા
૪૫૦૧/- હીરાલાલ મગનલાલ પંચૉલી-જાબુઘૉડા
૨૫૦૧/-સ્વ. બળદેવભાઇ જેઠાલાલ પંચૉલી - વડૉદરા

## શ્રી પંચોલી સમાજ - વડોદરા

શ્રી પંચૉલી સમાજ વડૉદરાને નીચે મુજબનું દાન મળ્યું છે...

વડોદરા નિવાસી શ્રી જયરાજભાઇ અંબાલાલ પંચૉલીના સુપુત્ર ચિ. ચિંતન અને પુત્રવધુ પાહિની તા. ૪.૩.૨૦૧૬ના રોજ PR પર કેનેડા જવાના હોય શ્રી પંચૉલી સમાજ વડૉદરા તરફથી બુકે દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. તે નિમિત્તે રૂા. ૨૫૦/- ભેટ મળ્યા.

શ્રીમતિ જાગૃતિબેન અને જયરામભાઇ પંચૉલી(કેનેડા) તરફથી પંચૉલી સમાજ વડોદરાને શૈક્ષણિક સહાય માટે રૂા. ૧૧,૦૦૦/-નું દાન આપ્યું છે... ઉપરોકત દાતાઓનો ખૂબ ખૂબ આભાર...

## શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ

શ્રી પંચૉલી સમાજ મુંબઇને નીચે મુજબનું દાન મળ્યું છે...

૨૫૧/- શ્રી કુંતલ પ્રફુલચંદ્ર પંચૉલી-મીરારોડ તરફથી લગ્ન પ્રસંગે ભેટ

૧૦૦૧/- શ્રી ફાગુન કાંતિલાલ પંચૉલી-કાંદીવલી તરફથી મળેલ CA સ્પેશ્યલ એવૉર્ડ નિમિત્તે...

૨૦૦૦/- શ્રી પૂર્વેશ મધુસુદનભાઇ કાપડિયા તરફથી વાર્ષિક અહેવાલમાં શ્રદ્ધાંજલિ નિમિત્તે..

૫૦૧/- શ્રી કિરણભાઇ મણીલાલ પંચૉલી તરફથી પૌત્રી ધ્યાનાના જન્મ નિમિત્તે..

## પંચોલી સેવા મંડળ-રાજપીપલા

ડેડીયાપાડા નિવાસી શ્રી નરેશચંદ્ર જેઠાલાલ પંચૉલી (મારુતિ ટ્રેડિંગ કું.) તરફથી પૌત્ર પર્વની બીજી વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૧૧૦૧/- તથા હોળી-ધુળેટી પર્વ નિમિત્તે રૂા. ૧૫૧/- શ્રી પંચૉલી સેવા મંડળ રાજપીપલાને ભેટ મળ્યા છે... સેવા મંડળ દાતાનો આભાર માને છે.

# મહિલા સમાચાર......

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૧૨.૩.૨૦૧૬ના રોજ ખુશ્બુબેન વિસ્મયભાઇને ત્યાં રાખવામાં આવી. સમુહ પ્રાર્થનાથી મિટિંગની શુભ શરૂઆત કરી. પ્રમુખશ્રી અનુરાધાબેને સૌને આવકાર્યા. ત્યારબાદ ગત મિટિંગનો અહેવાલ અને નવયુગના મુદ્દાઓનું વાંચન કરવામાં આવ્યું. આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરીની શુભેચ્છાઓ પાઠવી.

૮મી માર્ચના રોજ મહિલા દિન હોવાથી મહિલા દિન નિમિત્તે ખુશ્બુબેન મિસ્ત્રીએ વિસ્તૃત માહિતી આપી. ડૉ. મહેશભાઇ મિસ્ત્રીએ બ્રેસ્ટ કેન્સર વિષે વિસ્તૃત માહિતી આપી, માર્ગદર્શન આપ્યું. ઉપરોકત માહિતી આપવા બદલ ડૉ. મહેશભાઇનો આભાર માનવામાં આવ્યો.

વન મિનિટ ગેમ રમ્યા. જેમાં ૫૦ વર્ષથી ઉપરનામાં અનુરાધાબેન તથા ૫૦ વર્ષથી નીચેનામાં કેતકીબેન વિજેતા થયા. આજરોજ નીચે મુજબનું દાન મળ્યુ
૫૧ જયશ્રીબેન પરેશભાઇ પંચૉલી એનીવર્સરી નિમિત્તે
૫૦ શીલાબેન નિતિનભાઇ પંચૉલી બર્થ ડે નિમિત્તે.
૫૦ મીનાબેન ચંદુભાઇ પંચૉલી બર્થડે નિમિત્તે
૧૦૧ મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી તરફથી નીપાના સીમંત સંસ્કાર નિમિત્તે.

આગામી મિટિંગ તા. ૧૬.૦૪.૨૦૧૬ના રોજ મીનાબેન ચંદુભાઇ પંચૉલીને ત્યાં રાખવાનું નકકી કરી અલ્પાહાર અને શરબતને ન્યાય આપી છુટા પડયા.

## પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

પંચૉલી ભગીની સમાજની મિટિગ તા. ૧૯.૦૨.૨૦૧૬ના રોજ નયનાબેન પંચૉલીને ત્યાં રાખવામાં આવી. સૌ પ્રથમ પ્રાર્થનાથી શુભ શરૂઆત કરવામાં આવી. ચૉકોબારથી સૌ બહેનોનું સ્વાગત કર્યુ. પ્રમુખશ્રીએ ગત મિટિંગનું વાંચન કર્યુ. અને ગેમ રમ્યા હાઉસી રમ્યા જેના વિજેતા બહેનોને ઇનામોથી નવાજ્યા. મંત્રીશ્રીએ કાર્યાત્મક મુદ્દાઓની ચર્ચા કરી. અરૂણાબેનની પુત્રી અપેક્ષાના લગ્ન નિમિત્તે આમંત્રણ પાઠવ્યું અને એના લગ્ન નિમિત્તે ભેટ આપી. તા. ૮.૩.૨૦૧૬ના રોજ જયશ્રીબેનને ત્યાં મિટિંગ રાખવાનું નકકી કરવામાં આવ્યું. અંતમાં સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપી છુટા પડયા.

આજરોજ નીચે મુજબનું દાન મળ્યું.
૧૫૧ અરૂણાબેન તરફથી ચિ. અપેક્ષાના લગ્ન નિમિત્તે.
૫૦ પૂણિમાબેન તરફથી વર્ષગાંઠ નિમિત્તે.
૫૦ ઉષાબેન તરફથી મેરેજએનીવર્સરી નિમિત્ત
૫૦ રાજેશ્રીબેન તરફથી મેરેજએનીવર્સરી નિમિત્તે
૫૦ હીનાબેનની મેરેજએનીવર્સરી નિમિત્તે
૫૦ ગીતાબેનની મેરેજએનીવર્સરી નિમિત્તે
૫૦ દક્ષાબેનની મેરેજ એનીવર્સરી નિમિત્તે..

તારીખ ૮.૩.૨૦૧૬ના રોજ જયશ્રીબેનને ત્યાં મિટિંગ રાખવામાં આવી. પ્રથમ હનુમાન ચાલિસા અને ગણેશ સ્તુતિથી મિટિંગની શરૂઆત કરી. વેલકમ ડ્રીંક્સથી સૌ બહેનોનું સ્વાગત કર્યુ. પ્રમુખશ્રી તરફથી ગત મિટિંગનું વાંચન કરવામાં આવ્યું. ત્યારબાદ પૌત્રી દુર્વાને રમાડીને ચાંદીની કડલી આપી. જયશ્રીબેને વન મિનિટ ગેમ અને હાઉસી રમાડી અને વિજેતા બહેનોને ઇનામ આપ્યા. અંતમાં પાકુ જમણનો આસ્વાદ લઇ તાફ ૮.૪.૨૦૧૬ના રોજ હીનાબેનને ત્યાં મિટિંગ રાખવાનું નકડી કરી છુટા પડયા.

## પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

તા. ૨૮.૨. ૧૬ના રોજ બેડકુવા નજીક ફાર્મ હાઉસમા મિટિંગ રાખવામાં આવી. મિટિંગની શરૂઆત નેહાબેનની પ્રાર્થનાથી કરવામાં આવી. ચિ. હિમાની અને તનિસાએ સુંદર પોયેમ રજુ કરી. દરેક બહેનોએ વન ડે પીકનીક અને ડબ્બાપાર્ટીની મઝા માણી. વન મિનિટ ગેમ રમ્યા જેમાં પ્રથમ-નેહા જેનીશ પંચોલી, દ્વિતીય નિશા રાજેશભાઇ પંચોલી અને તૃત્ય માલતીબેન અમ્રતભાઇ પંચોલી વિજેતા થયા. ગરમા ગરમ મસાલા ખીચડી અને શેરડી રસની મઝા માણી. તા. ૭.૩.૨૦૧૬ના રોજ આગામી મિટિંગ રાખવાનું નકડી કરી છુટા પડયા.

૧૦૧ વર્ષાબેન ભદ્રેશભાઇ મિસ્ત્રી તરફથી જીમીને ત્યાં પુત્રી જન્મ નિમિત્તે

૧૦૧ વર્ષાબેન ભદ્રેશભાઇ મિસ્રી તરફથી ટોનીને ત્યાં પુત્ર જન્મ નિમિત્તે.

૫૦ અલ્કાબેન દર્શનભાઇ પંચોલી તરફથી એનીવર્સરી નિમિત્તે..

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તા. ૧૮.૦૩.૨૦૧૬ના રોજ જ્યોતિબેન સુભાષભાઇ પંચોલીના નિવાસ સ્થાને તેજસ્વીની મહિલા મંડળની મિટિંગ રાખવામાં આવી. પ્રથમ જ્યોતિબેને કોલ્ડ ગ્રીન ટીથી સૌનું સ્વાગત કર્યુ. ત્યારબાદ પ્રાર્થનાથી શરૂઆત કરવામાં આવી. દિવંગત આત્માઓની શાંતિ અર્થે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરી. શ્રીમતિ સુરેખાબેન બી. પંચોલીની ૨૩મી મેરેજ એનીવર્સરી નિમિત્તે કેક કાપી વીશ કરી.. સૌ બહેનોએ બુકે આપી અભિવાદન કર્યુ.

મહિલા મંડળના બે વર્ષ પુરા થતા હોય તથા બહેનોને ગીફટ આપવાની હોય તા. ૨૮.૩.૧૬ના રોજ કમાટીબાગમાં ગેટ ટુ ગેધર કરવાનું નકડી કર્યુ. મંડળની કારોબારી બહેનોએ ભેગા મળી તા. ૨૧.૩.૧૬ના રોજ સેન્ટ્રલ સ્કવેરમાં ‘ધ વીલેજ’ માં આનંદ પ્રમોદ માટે ડાન્સ-ગરબા સાથે મનગમતું ફુડનો આનંદ લુટશે.

ફેબ્રુઆરી માર્ચ માસમાં આવતી બર્થડે નિમિત્તે વીશ કરી.પ્રમુખશ્રી અને એની ટીમનો કાર્યકાળ સમય પુરો થતો હોય નવી કારોબારીની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી જે નીચે મુજબ છે..

શ્રીમતિ સુરેખાબેન બી. પંચોલી-પ્રમુખ
શ્રીમતિ શીલાબેન એ. પંચોલી-ઉપપ્રમુખ
શ્રીમતિ સપનાબેન એસ. પંચોલી-મંત્રી
શ્રીમતિ નિકુંજબેન આર. પંચોલી-ખજાનચી
શ્રીમતિ લીનાબેન બી. પંચોલી-સહખજાનચી

કારોબારીમાં જે બહેનોએ રહેવાની ઇચ્છા હોય તેમણે પોતાના નામ લખાવી દેવા. નીતાબેન એસ. પંચોલી તરફથી પુત્ર સૌરીન MBBS પૂર્ણ કર્યુ તે નિમિત્તે સૌ બહેનોને પેંડાથી મો મીઠું કરાવ્યું અને હર્ષાબેન તરફથી પુત્ર અને પુત્રવધુ કેનેડા ગયાની ખુશાલીમાં ચોકલેટ ખવડાવી મો મીઠું કરાવ્યું. અંતમાં સુરેખાબેનની આભારવિધિ બાદ તા. ૨૧.૩.૧૬ અને ૨૮.૩.૧૬ના રોજ મહિલા મંડળના દરેક સભ્યો સાથે સ્નેહમીલનમાં મળવાનું કહી પાણીપુરી - ભેળ - જલેબીને ન્યાય આપી છુટા પડયા.

## નિવૃત્તિ વેળાએ...



વડોદરા નિવાસી શ્રી પ્રવિણભાઇ ગોરધનભાઇ પંચોલી તા. ૩૧.૧૨૦૧૬ના રોજ નર્મદાભવન બરોડામાંથી નિવૃત્ત થયા તે નિમિત્તે નવયુગને રૂા. ૭૫૧ ભેટ મળ્યા.

# જીવનસાથી પસંદગી વિશેષાંક

## ફોર્મ

પંચોલી નવયુગ મે - ૨૦૧૯માં જીવનસાથી પસંદગી વિશેષાંક પ્રકાશિત કરનાર હોય નીચે આપેલ સંપૂર્ણ વિગત ભરી ફોર્મ મોકલવા વિનંતી. આપની વિગતો વેબ સાઇટ પર મેટ્રોમોની વિભાગમાં પણ પ્રકાશિત કરવામાં આવશે...

નામ :..............................................................................................................

પિતાનું નામ : ..............................................................................................................

માતાનું નામ : ..............................................................................................................

સરનામુ : ..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................પીનકોડ : ..........................

ફોન : (ઘર)......................... (ઓ)............................. મો. ..................................................

જન્મ તા. ........................... જન્મ સમય : ......................... ઉંચાઇ............. વજન : .................

અભ્યાસ :..............................................................................................................

નોકરી/ધંધો : ..........................................................ભાઇ/બહેન :..........................................

મંગળ/શની છે ? ..............................................................................................................

**આપના ફોર્મ તા. ૨૦ એપ્રિલ પહેલા સવેળા મળી જાય એ રીતે મોકલવા વિનંતી.**

દરેક એકમના પ્રમુખ/મંત્રીને વિનંતી કે આપના એકમમાં લગ્નોત્સુક યુવક-યુવતીઓના ફોર્મ ભરાવી પ્રોત્સાહિત કરી ફોર્મ ભરીને મોકલવા વિનંતી. ઉપરોક્ત માહિતી ફોટા સાથે વિના મૂલ્યે છાપવામાં આવશે.. છતાં પણ આપની ઇચ્છા હોય તો રૂા. ૧૦૦/૧૫૧/૨૦૦/૨૫૧ ભેટ આપી શકો છો....

**ફોર્મ મોકલવાનું સ્થળ**

**તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર

**મો : ૯૮૨૪૧ ७१૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

# વ્યસન મુકિત



आप सिगरेट को नहीं....सिगरेट आपको पीती है.
इसका नतीजा सिर्फ मौत है.




LiFe


नशा छोड़ो
घर को जोड़ो
बोतल तोड़ो


ગુ - ગુજરી જવાની
ટ - ટકોરાબંધ
ખા - ખાત્રી
GUJJU ROCKS
શ - શરીરને
રા - રાખ કરતી
બ - બદી
દેશી દારૂ
ત - તમને
મા - મારી નાખતી
કુ - કુટેવ
Fb.com/GujjuRocks
Fb.com/GujjuRocks


EARLY IS THE WATCHWORD FOR
CANCER CONTROL
EARLY DIAGNOSIS
EARLY TREATMENT
WILL SAVE MANY LIVES
EARLY CANCER CAN BE CURED
U.S. PUBLIC HEALTH SERVICE IN COOPERATION WITH
THE AMERICAN SOCIETY FOR THE CONTROL OF CANCER

## સમાજવાડીમાં ખીલેલા પુષ્પ



મુંબઇ શાંતાક્રુઝ નિવાસી શ્રી કૌશલરાજ કિરણભાઇ પંચોલીને ને ત્યાં પુત્રીરત્ન 'ચિ. ધ્યાના'નો જન્મ તા. ૯. ૧. ૨૦૧૬ના રોજ થયો. માતા : રીમાબેન



વડોદરા નિવાસી શ્રી બ્રિજેશકુમાર કનુભાઇ પંચોલીને ત્યાં પુત્રીરત્ન 'ચિ. નવ્યા'નો જન્મ તા. ૦૪.૦૨.૨૦૧૬ના રોજ થયો. માતા : હિરલબેન

## હેપી બર્થડે....



ચિ. પર્વ
નિરવકુમાર પંચોલી
ડેડીયાપાડા
તા. ૧૭.૦૩.૨૦૧૪



ચિ. નિષ્કા
કૃણાલકુમાર મિસ્ત્રી
બીલીમોરા
તા. ૯.૦૪.૨૦૧૫




ચિ. સીયા
રાકેશભાઇ પંચોલી
સંખેડા
તા. ૯.૦૪.૨૦૧૫



ચિ. આધ્યા
જતીનભાઇ પંચોલી
વ્યારા
તા. ૧૧.૦૪.૨૦૧૩

## એક વાર જાવું હરીના ધામમાં



મુંબઇ(કાંદીવલી) નિવાસી મધુસુદનભાઇ ઝીણાભાઇ કાપડિયા તા. ૦૯.૦૩.૨૦૧૬ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૭૫



સુરત નિવાસી નરેન્દ્રભાઇ ઉર્ફે નરેશભાઇ ચુનીલાલ પંચોલી તા. ૦૬.૦૨.૨૦૧૬ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૬૧



વડોદરા નિવાસી શ્રીમતિ ભાનુબેન કેશવલાલ પંચોલી તા. ૧૨.૦૩.૨૦૧૬ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૭૮



વડોદરા નિવાસી નિર્મળાબેન મુકુંદલાલ પંચોલી તા. ૧૯.૦૨.૨૦૧૬ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૭૫



મુંબઇ(વિલે પાર્લા) નિવાસી જયોતિબેન શરદકુમાર મિસ્ત્રી તા. ૨૦.૦૨.૨૦૧૬ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૫૫

સંખેડા નિવાસી સતિષચંદ્ર રમણલાલ પંચોલી તા. ૨૫.૧૨.૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા.

# ટીપે ટીપે સરોવર ભરાય......

રૂા. ૧૫૧/- બીલીમોરા નિવાસી વિશાલકુમાર વિનોદચંદ્ર મિસ્ત્રી તરફથી પુત્ર વિહાનની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે...

રૂા. ૨૦૧/- સુરત(અજરાઇ) નિવાસી શ્રીમતિ મયુરીબેન તથા શ્રી રવિન્દ્રભાઇ મગનલાલ મિસ્ત્રી તરફથી પૌત્રી 'મીસરી'ના જન્મ નિમિત્તે...

રૂા. ૨૫૧/- વડોદરા નિવાસી શ્રીમતિ તૃપ્તિબેન તથા શ્રી નારણભાઇ ઓચ્છવલાલ પંચોલીની સુપુત્રી ચિ. નિધિના શુભલગ્ન નિમિત્તે.

રૂા. ૨૫૧/- વડોદરા નિવાસી શ્રીમતિ બીનાબેન તથા શ્રી હરીશચંદ્ર ડાહ્યાભાઇ પંચોલીના સુપુત્ર ચિ. કૃણાલના શુભલગ્ન નિમિત્તે..

રૂા. ૧૦૦/- વડોદરા િવાસી શ્રીમતિ કુસુમબેન (દાદી) તથા શ્રી કનુભાઇ સી. પંચોલી(દાદા) તરફથી પૌત્રી નવ્યાના જન્મ નિમિત્તે..

રૂા. ૧૦૦/- વડોદરા નિવાસી શ્રીમતિ કુસુમબેન તથા શ્રી કનુભાઇ સી. પંચોલી તરફથી સ્વ. ડો. તેજલબેનના સરણાર્થે..

રૂા. ૨૫૧/- કેનેડા નિવાસી શ્રીમતિ જાગૃતિબેન તથા શ્રી જયરામભાઇ પંચોલી તરફથી માતુશ્રી નિર્મળાબેનના સ્મરણાર્થે..

રૂા. ૫૦૧/- ડેડીયાપાડા નિવાસી શ્રી નરેશચંદ્ર જેઠાલાલ પંચોલી તરફથી પૌત્ર પર્વની બીજી વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૨૫૦/- સોનગઢ (યુ.એસ.એ.) નિવાસી શ્રી હરીશભાઇ મોહનલાલ પંચોલી તરફથી સુપુત્ર વિશાલ અને નયનના લગ્ન પ્રસંગ નિમિત્તે...

રૂા. ૨૫૦/- સુરત નિવાસી શ્રી હરીશભાઇ શાંતિલાલ પંચોલી તરફથી સુપુત્રી ચિ. વૈભવી અને ચિ. દિવ્યાના શુભ લગ્ન પ્રસંગ નિમિત્તે...

રૂા. ૫૦૧/- સુરત(અજરાઇ) નિવાસી શ્રીમતિ ગીતાબેન તથા શ્રી દિલીપભાઇ મોહનલાલ મિસ્ત્રીના સુપુત્ર ચિ. નિકુંજના શુભ લગ્ન પ્રસંગ નિમિત્તે

નવયુગ શુભચિંતક શ્રી સંજીવ પંચોલી વડોદરા શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી વડોદરા

Book-Post

*Printed Book*

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**